dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS


# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -10 | Issue- 22 | AD - 2026, Aso Sud-11 | Thursday, Dt. 22-10-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


### ભારત અને અમેરિકા બંને દેશો વેપાર કરારને અંતિમ સ્વરૂપ આપવાની નજીક

## ભારતના ભોગે અમેરિકાના કોઈ દેશ સાથે સબંધ નહી : માર્કો રૂબિયો

નવી દિલ્હી,તા.૨૧

અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રુબિયોએ ભારત સાથેના સંબંધો અંગે મોટું નિવેદન આપતા સ્પષ્ટ કર્યું છે કે પાકિસ્તાન કે વિશ્વના અન્ય કોઈપણ દેશ સાથે અમેરિકાના સંબંધો ભારત સાથેના સંબંધોના ભોગે નહીં હોય. વૉશિંગ્ટન અને ઈસ્લામાબાદ વચ્ચે વધી રહેલા સંપર્કો અંગે પૂછાયેલા પ્રશ્નોના જવાબમાં તેમણે જણાવ્યું કે અમેરિકા ભારત સાથેના પોતાના સંબંધોને અન્ય દેશો સાથેના સંબંધોની સ્પર્ધા તરીકે જોતું નથી. બુધવારે મિડીયા સાથેની મુલાકાત દરમિયાન રુબિયોને પૂછવામાં આવ્યું હતુ કે અમેરિકા અને પાકિસ્તાન વચ્ચેના વધતા સંબંધો ૧૯૭૦ના દાયકાની પરિસ્થિતિની યાદ અપાવે છે કે કેમ. તે સમયે અમેરિકાના તત્કાલીન રાષ્ટ્રપતિ રિચાર્ડ નિક્સન અને રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર હેનરી કિસિંજર પર પાકિસ્તાન તરફ પક્ષપાત કરવાનો આરોપ લાગ્યો હતો. તેના જવાબમાં રુબિયોએ જણાવ્યું કે વર્તમાન વૈશ્વિક પરિસ્થિતિ તે સમય કરતાં ઘણી અલગ છે અને આજના વિશ્વને ૧૯૭૦ના દાયકાના દૃષ્ટિકોણથી જોવું જોઈએ નહીં. તેમણે કહ્યું કે પાકિસ્તાન એવા દેશોમાંનો એક છે, જેની સાથે અમેરિકાના સંબંધો છે. આ સંબંધોનો ઉપયોગ સંભવિત સંઘર્ષો અટકાવવા અને તણાવ ઘટાડવા માટે થઈ શકે છે. વિવિધ દેશો સાથેના સંબંધોમાં સંતુલન જાળવવું પડકારજનક હોવા છતાં તે અમેરિકાની વિદેશ નીતિનો એક ભાગ છે. ભારત



અને અમેરિકા વચ્ચેના વેપાર કરાર અંગે રુબિયોએ જણાવ્યું કે બંને દેશો કરારને અંતિમ સ્વરૂપ આપવાની નજીક છે, જોકે કેટલાક મુદ્દાઓ પર હજુ કામ કરવાનું બાકી છે. તેમણે ભારત સાથે વેપાર કરાર પૂર્ણ કરવાની અમેરિકાની પ્રતિબધ્ધતા પણ વ્યક્ત કરી હતી. ત્રણ દિવસની સત્તાવાર ભારત મુલાકાતે આવેલા રુબિયોએ મંગળવારે મુંબઈમાં ભારતીય વિદેશ મંત્રી એસ. જયશંકર સાથે મુલાકાત કરી હતી. બેઠકમાં બંને દેશો વચ્ચે વેપાર, ઊર્જા, ટેકનોલોજી, સંરક્ષણ અને લોકો વચ્ચેના સંપર્કો સહિતના વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. રુબિયોએ ભારતને ઊર્જા વેપાર વધારવા તેમજ અમેરિકાની ટેકનોલોજી અને સંરક્ષણ પ્રણાલીઓની ખરીદી વધારવા પણ વિનંતી કરી હતી. જયશંકરે જણાવ્યું કે બંને નેતાઓએ દ્વિપક્ષીય સંબંધોને આગળ વધારવા અને પ્રાદેશિક વિકાસ અંગે વિચારોની આપ-લે કરી હતી. દરમિયાન, બુધવારે રુબિયોએ ગુજરાતના જામનગરમાં મુકેશ અંબાણીની રિલાયન્સ રિફાઈનરીની મુલાકાત લીધી હતી. કડક સુરક્ષા વ્યવસ્થા વચ્ચે તેઓ જામનગર એરફોર્સ એરપોર્ટથી રિફાઈનરી પહોંચ્યા હતા. વિશ્વના સૌથી મોટા રિફાઈનિંગ કેન્દ્રોમાં સ્થાન ધરાવતું આ સંકુલ પેટ્રોલ, ડીઝલ સહિતના પેટ્રોલિયમ ઉત્પાદનોનું ઉત્પાદન કરે છે. ભારત અને અમેરિકા વચ્ચે ઊર્જા સુરક્ષા, વેપાર અને વ્યૂહાત્મક સહયોગ વધારવાના પ્રયાસોના ભાગરૂપે આ મુલાકાતને મહત્વપૂર્ણ માનવામાં આવે છે. વેનેઝુએલાના ક્રૂડ ઓઈલની પ્રક્રિયા અંગે સંભવિત ચર્ચાઓની અટકળો વચ્ચે કોઈ ચોક્કસ કરાર કે અંતિમ નિર્ણયની સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી નથી. બંને દેશો વચ્ચે વેપાર કરારની વાટાઘાટોમાં પ્રગતિ થઈ રહી છે અને તેને ટૂંક સમયમાં પૂર્ણ કરવાની દિશામાં પ્રયાસો ચાલુ છે.

## ગૃહમંત્રી અમિત શાહે ૩૬,૮૫૨ શહીદ પોલીસ કર્મચારીઓને શ્રધ્ધાંજલિ અર્પી

નવી દિલ્હી,તા.૨૧

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે 'રાષ્ટ્રીય પોલીસ સ્મારક દિવસ' નિમિત્તે નવી દિલ્હીસ્થિત રાષ્ટ્રીય પોલીસ સ્મારક ખાતે આયોજિત સમારોહમાં ફરજ દરમિયાન શહીદ થયેલા પોલીસ કર્મચારીઓને ભાવાંજલિ અર્પણ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે આ સ્મારક ૩૬,૮૫૨ શહીદ પોલીસકર્મીઓની કુરબાનીનું પ્રતીક બન્યું છે, જેમાં આ વર્ષે ૧૫૪ વધુ વીરોના નામ ઉમેરાયા છે.



પોલીસ સેવાને દેશની સૌથી મુશ્કેલ ફરજ ગણાવતા ગૃહમંત્રીએ કહ્યું કે, 'નાગરિકો જ્યારે પરિવારો સાથે તહેવારો ઉજવે છે, ત્યારે પોલીસકર્મીઓ સરહદો અને દેશની આંતરિક સુરક્ષા માટે તૈનાત રહે છે.'તેમણે ૨૦૧૮માં વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ઉદ્ઘાટિત આ સ્મારકને દેશવાસીઓ માટે પ્રેરણાસ્ત્રોત ગણાવ્યું હતું.

અમિત શાહે પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણી દરમિયાન હિંસામુક્ત અને સુરક્ષિત મતદાન કરાવવા બદલ કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળો (CAPF)ના જવાનોની વિશેષ પ્રશંસા કરી હતી. તેમણે ઉમેર્યું કે ચૂંટણીલક્ષી હિંસા નાબૂદ કરવામાં સૈનિકોની ભૂમિકા પ્રશંસનીય રહી છે.

આ સિવાય, પંજાબના લુધિયાણામાં પ્રેસ કોન્ફરન્સ યોજીને તેમણે ડ્રગ્સના દૂષણ અંગે ચિંતા વ્યક્ત કરી હતી અને વર્ષ ૨૦૨૯ સુધીમાં પંજાબને સંપૂર્ણપણે 'ડ્રગ મુક્ત'બનાવવાનો મક્કમ નિર્ધાર વ્યક્ત કર્યો હતો.

## સુદાનના અબેઈ વિસ્તારમાં ડ્રોન હુમલામાં ૧૫૩ નાગરિકોના મોત, ગૃહયુધ્ધ વધુ વકરવાના એંધાણ

વૉશિંગ્ટન,તા.૨૧

સુદાન અને દક્ષિણ સુદાન વચ્ચેના અત્યંત વિવાદિત સરહદી વિસ્તાર અબેઈના અમીટ બજારમાં થયેલા એક ભયાનક ડ્રોન હુમલામાં ૧૫૩ નાગરિકોના કરૂણ મોત નિપજ્યા છે, જેમાં નિર્દોષ બાળકોનો પણ સમાવેશ થાય છે.



સ્થાનિક અધિકારીઓના જણાવ્યા અનુસાર, બજારમાં આવેલા એક પેટ્રોલ પંપ પાસે આ વિસ્ફોટ થયો હતો. વિસ્ફોટ એટલો શક્તિશાળી હતો કે સમગ્ર માર્કેટમાં ભયાનક આગ ફાટી નીકળી હતી, જેના કારણે ભારે નાસભાગ મચી ગઈ હતી અને અનેક લોકો ગંભીર રીતે દાઝી ગયા હતા. દક્ષિણ સુદાનના વિદેશ મંત્રાલય અને સ્થાનિક વહીવટીતંત્રે આ ઘાતકી હુમલા માટે સુદાનની સેનાને જવાબદાર ઠેરવી છે.

ઉલ્લેખનીય છે કે, સુદાનની સેના અને અર્ધલશ્કરી દળ 'રેપિડ સપોર્ટ ફોર્સિસ' (RSF) વચ્ચે એપ્રિલ ૨૦૨૩થી ચાલી રહેલી લડાઈએ હવે ભયાનક ગૃહયુધ્ધનું સ્વરૂપ ધારણ કરી લીધું છે. હાલના મહિનાઓમાં વધી રહેલા ડ્રોન હુમલાઓને કારણે સામાન્ય નાગરિકોની સુરક્ષા પર ગંભીર ખતરો ઊભો થયો છે.

બીજી તરફ, આફ્રિકન દેશ માલીના પૂર્વીય મેનાકા વિસ્તારમાં પણ ISIS સાથે જોડાયેલા આતંકવાદીઓએ કરેલા ઘાતક હુમલામાં બાળકો અને વડીલો સહિત ૪૮ લોકો માર્યા ગયાના અહેવાલ પ્રાપ્ત થયા છે.

## સીજેપી નેતાઓએ દિલ્હી હાઈકોર્ટમાંથી જામીન અરજી પાછી ખેંચી

નવી દિલ્હી, તા. ૨૧

દિલ્હી હાઈકોર્ટે કોકરોચ જનતા પાર્ટીના નેતાઓ સૌરવ દાસ અને આશુતોષ રંકાની અરજી પાછી ખેંચવાની મંજૂરી આપી હતી. બંનેના વકીલે અરજી પાછી ખેંચવાની વિનંતી કરતા કોર્ટે સ્પષ્ટ કર્યું કે કેસના ગુણદોષ અંગે કોઈ અભિપ્રાય આપવામાં આવ્યો નથી. સુનાવણી દરમિયાન કોર્ટે બંનેની ઉંમર પૂછતાં જાણવા મળ્યું કે સૌરવ દાસ ૨૭ વર્ષ અને આશુતોષ રંકા ૩૧ વર્ષના છે. આથી ન્યાયાધીશે ટિપ્પણી કરી



હતી કે તેઓ જનરેશન ઝેડ નથી. દિલ્હી પોલીસે જામીન બોન્ડ માટે વકીલોને જામીનદાર બનાવવાના મુદ્દે વાંધો ઉઠાવ્યો હતો. કોર્ટે બોન્ડની શરતોના ભંગ અંગે કાર્યવાહી અને જામીનદારની રકમ જપ્ત કરવાની જોગવાઈઓનો ઉલ્લેખ કર્યો હતો. સાથે જ બીજી વખત બોન્ડનો ભંગ થાય તો સત્તાવાળાઓ કડક શરતો લાદી શકે તેમ જણાવ્યું હતું. વિરોધ પ્રદર્શન અંગે કોર્ટે કહ્યું કે દેશમાં વિરોધ કરવાનો અધિકાર છે, પરંતુ શાંતિ ભંગ થવાની શક્યતા હોય ત્યારે પ્રદર્શનકારીઓની ઓળખ અને પ્રવૃત્તિઓની તપાસ જરૂરી છે. કોર્ટે જામીન નકારવાના આદેશ સામે અન્ય વૈધાનિક ઉપાયો ઉપલબ્ધ હોવા અંગે પણ સવાલ ઉઠાવ્યો હતો.

## શહીદ પોલીસકર્મીઓના પરિવારજનોને રૂ. ૨ કરોડનું વળતર: મુખ્યમંત્રી રેવંત રેડ્ડી

હૈદરાબાદ,તા.૨૧

તેલંગાણાના મુખ્યમંત્રી રેવંત રેડ્ડીએ 'પોલીસ સંસ્મરણ દિવસ' નિમિત્તે ફરજ દરમિયાન શહીદ થયેલા IPS અધિકારીઓના પરિવારજનો માટે એક્સ-ગ્રેસિયા વળતર વધારીને રૂ.૨ કરોડ કરવાની મોટી જાહેરાત કરી છે.



ગોશાહમલ સ્ટેડિયમ ખાતે પરેડની સલામી લેતા તેમણે જણાવ્યું કે હોમગાર્ડ્સ માટે વળતર રૂ.૫ લાખથી વધારીને રૂ.૧૦ લાખ, ASI અને હેડ કોન્સ્ટેબલ માટે રૂ.૧ કરોડ, તેમજ SI અને ઈન્સ્પેક્ટર માટે રૂ.૧.૨૫ કરોડ કરવામાં આવ્યું છે. આ ઉપરાંત, તેમણે વર્ષ ૨૦૨૮ સુધીમાં પોલીસ વિભાગની તમામ ખાલી જગ્યાઓ ભરવાની ખાતરી આપી હતી અને પોલીસને યુવાનોને ડ્રગ્સથી બચાવવા તથા મહિલાઓની સુરક્ષા પર વિશેષ ધ્યાન આપવા અપીલ કરી હતી.










સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
ગુરુવાર,તા.૨૨-૧૦-૨૦૨૬

બગસરા શરાફી સહકારી મંડળીનો ઐતિહાસિક નિર્ણય

# સભાસદોને ૧૬ ટકા લેખે ૫૧ લાખથી વધુ રકમના ડિવિડન્ડનો શુભારંભ

અમરેલી,તા.૨૧

બગસરા નાગરિક શરાફી સહકારી મંડળી લિમિટેડના હિસાબી વર્ષ ૨૦૨૫/૨૬ના ચોખ્ખા નફા રૂપિયા ૭.૭૨ કરોડ થયો છે. સહકાર વિભાગના પરિપત્રની મર્યાદામાં રહીને મંડળીએ સભાસદોને ૧૬ ટકા લેખે ડિવિડન્ડ આપવાનું નક્કી કર્યું છે. આ અંતર્ગત રૂપિયા ૫૧,૦૪,૫૧૨ની રકમના વિતરણનો શુભારંભ કરવામાં આવ્યો હતો.આ કાર્યક્રમ મંડળીના સ્થાપક ચેરમેન રશ્વિનભાઈ ડોડીઆની અધ્યક્ષતામાં અરવિંદભાઈ મણીયાર ભવન ખાતે યોજાયો હતો. મંડળીની પ્રગતિ અને સભાસદોના વિશ્વાસને કારણે સમગ્ર ગુજરાતની શરાફી મંડળીઓમાં બગસરા મંડળીએ પ્રથમ નંબર પ્રાપ્ત કર્યો છે. ચેરમેન રશ્વિનભાઈ ડોડીઆએ જણાવ્યું



તસવીર : મયૂર પંડ્યા

કે સભાસદોનો વિશ્વાસ એ જ સહકાર દ્વારા સમૃદ્ધિ તરફ જવાનો સાચો માર્ગ છે. મંડળીની નવ શાખાઓમાં એકસાથે ડિવિડન્ડ શુભારંભના કાર્યક્રમો યોજાયા હતા. તેમાં અમદાવાદ બાપુનગર, નિકોલ, અમરેલી, અમરવેલી, બગસરા, વડોદરા, ધારી, લીલીયા મોટા, રાજકોટ અને ચલાલા શાખાઓનો સમાવેશ થાય છે. આ પ્રસંગે ધારાસભ્ય, કોર્પોરેટરો, નગરપાલિકા પ્રમુખો, ચેમ્બરના પ્રમુખ, જિલ્લા પંચાયત સભ્ય, સરપંચ, વિવિધ શાખાઓના મેનેજિંગ ડિરેક્ટરો, તજજ્ઞ ડિરેક્ટર, ગાયત્રી શક્તિ પીઠના સંચાલક, ડિરેક્ટરો, એડવાઈઝરી બોર્ડના સભ્યો, શાખા સેક્રેટરીઓ, કર્મચારીઓ અને સભાસદો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. કાર્યક્રમનું સફળ સંચાલન જનરલ મેનેજિંગ ડિરેક્ટર નિતેષ ડોડીઆ તથા જનરલ સેક્રેટરી ડી.જી. મહેતાએ કર્યું હતું. આભારવિધિ પૂર્વ ડિરેક્ટર હરિભાઈ ભટ્ટી દ્વારા કરવામાં આવી હતી. આ માહિતી જનરલ આસિસ્ટન્ટ સેક્રેટરી પ્રવિણસિંહ રાઠોડની યાદી દ્વારા જણાવવામાં આવી છે.

# અમરેલી પોલીસે ૪ મહિનાથી નાસતા આરોપીને સમઢિયાળાથી ઝડપી પાડ્યો

અમરેલી,તા.૨૧



અમરેલી જિલ્લા પોલીસની પેરોલ-ફર્લો સ્ક્વોર્ડે ધારી પોલીસ સ્ટેશનના અપહરણ અને પોક્સો કાયદા હેઠળના ગુનામાં ચાર મહિનાથી નાસતા આરોપી અશ્વિનભાઈ ભીખાભાઈ વાઘેલા (ઉં.વ.૨૨)ને સમઢિયાળા, તા. બગસરા ખાતેથી તા. ૨૧ ઓક્ટોબરના રોજ ઝડપી પાડ્યો હતો. જિલ્લા પોલીસ અધિક્ષક સંજય ખરાતની સૂચનાથી એલસીબી પીઆઈ સી.પી. વાઘેલાના માર્ગદર્શન હેઠળ આ કામગીરી હાથ ધરાઈ હતી. આરોપી અને ભોગ બનનારને આગળની કાર્યવાહી માટે ધારી પોલીસને સોંપવાની તજવીજ હાથ ધરાઈ છે.

# ખેલ મહાકુંભમાં સા.કુંડલાની સેન્ટ થોમસ સ્કૂલની ફૂટબોલ ટીમ જિલ્લા કક્ષાએ વિજેતા

સાવરકુંડલા,તા.૨૧

અમરેલી જિલ્લામાં ખેલ મહાકુંભ ૨૦૨૬-૨૭ અંતર્ગત યોજાયેલી જિલ્લા કક્ષાની અંડર-૧૪ ભાઈઓની ફૂટબોલ ટુર્નામેન્ટમાં સાવરકુંડલાની સેન્ટ થોમસ ઈંગ્લિશ સ્કૂલની ટીમે વિજય મેળવ્યો છે. કોચ હર્ષદ પંડ્યાના માર્ગદર્શન હેઠળ ખેલાડીઓએ ઉત્કૃષ્ટ રમત અને ટીમવર્કનું પ્રદર્શન કરીને વિજેતા બનવાનું ગૌરવ મેળવ્યું હતું. આ સફળતાથી શાળા પરિવાર અને રમતપ્રેમીઓમાં આનંદની લાગણી પ્રસરી છે.


તસવીર : સૌરભ દોશી

હવે આ ટીમ રાજ્યકક્ષાની ફૂટબોલ સ્પર્ધામાં ભાગ લઈને અમરેલી જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે. શાળાના ખેલાડીઓ અને કોચને આ સિદ્ધિ બદલ અભિનંદન પાઠવવામાં આવ્યાં છે. રાજ્યકક્ષાએ પણ ટીમ શ્રેષ્ઠ પ્રદર્શન કરે તેવી શુભેચ્છાઓ વ્યક્ત કરવામાં આવી છે.

# અમરેલીમાં આજથી સ્વદેશી મેળો અને શોપિંગ ફેસ્ટિવલનો પ્રારંભ

**સ્વસહાય જૂથો, મહિલા ફેરિયાઓ અને સ્થાનિક વેપારીઓને પ્રોત્સાહન આપવા આયોજન**

અમરેલી,તા.૨૧

અમરેલી નગરપાલિકા દ્વારા શહેરના સીનીયર સિટીઝન પાર્ક, સેન્ટર પોઈન્ટ ખાતે ૨૨ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ સવારે ૧૦ વાગ્યે સ્વદેશી મેળો અને શોપિંગ ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવ્યું છે. શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ તથા ગુજરાત અર્બન લાઈવલીહુડ મિશનના સંયુક્ત ઉપક્રમે યોજાનારા આ કાર્યક્રમમાં સ્વસહાય જૂથો, મહિલા ફેરિયાઓ અને સ્થાનિક વેપારીઓ દ્વારા ઉત્પાદિત વસ્તુઓનું પ્રદર્શન અને વેચાણ કરવામાં આવશે. સરકારની વોકલ ફોર લોકલની વિચારધારાને પ્રોત્સાહન આપવા તથા સ્થાનિક ઉત્પાદકોને બજાર પૂરું પાડવાના હેતુથી આ મેળાનું આયોજન કરાયું છે. કાર્યક્રમના ઉદ્ઘાટક તરીકે રાજ્યના કાયદા, વૈધાનિક, ઊર્જા અને પેટ્રોલિયમ બાબતોના રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરિયા તથા અમરેલીના સાંસદ ભરતભાઈ સુતરીયા ઉપસ્થિત રહેશે. વિશેષ અતિથિઓમાં કલેક્ટર વિકલ્પ ભારદ્વાજ, પોલીસ અધિક્ષક સંજય ખરાત, જિલ્લા વિકાસ અધિકારી કે.જે. જાડેજા, અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી સહિતના મહાનુભાવો જોડાશે. અમરેલી નગરપાલિકાનાં પ્રમુખ વૈશાલીબેન મંગરોળિયા સહિતના પદાધિકારીઓએ નગરજનોને મેળામાં ઉપસ્થિત રહેવા આમંત્રણ પાઠવ્યું છે.

# સા.કુંડલામાં વિજયાદશમીએ ગરાસિયા રાજપૂત સમાજનું શસ્ત્રપૂજન

સાવરકુંડલા,તા.૨૧

સાવરકુંડલામાં વિજયાદશમીના પર્વ નિમિત્તે ૨૦ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ હાથસણી રોડ પર આવેલા ઉતાવળા હનુમાન મંદિર ખાતે ગરાસિયા રાજપૂત સમાજ દ્વારા પરંપરાગત શસ્ત્રપૂજન કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં સમાજના લોકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સૌપ્રથમ મા ભગવતીની આરાધના કરવામાં આવી હતી, ત્યારબાદ શક્તિ, શૌર્ય અને ધર્મના પ્રતીક સમાન શસ્ત્રોનું પૂજન કરાયું હતું.



વિજયાદશમીના પર્વે શસ્ત્રપૂજનની પરંપરા દ્વારા સનાતન સંસ્કૃતિ અને ક્ષત્રિય પરંપરાનું મહત્ત્વ ઉજાગર કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સમાજની સુખાકારી, પ્રગતિ, એકતા, ભાઈચારો, શાંતિ અને સમૃદ્ધિ જળવાઈ રહે તેમજ સમગ્ર વિશ્વનું કલ્યાણ થાય તેવી મંગલકામના કરવામાં આવી હતી.

# રાજુલા શહેરની સરસ્વતી વિદ્યાલયના હર્ષિલ કંડોળિયાએ આર્ટ સ્કેટિંગમાં મેળવ્યો પ્રથમ ક્રમ

રાજુલા,તા.૨૧




રાજુલા શહેરની સરસ્વતી વિદ્યાલયમાં ધોરણ-૮માં અભ્યાસ કરતા હર્ષિલ જીગ્નેશભાઈ કંડોળિયાએ તા. ૧૩ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ યોજાયેલી આર્ટ સ્કેટિંગ સ્પર્ધામાં જિલ્લાકક્ષાએ પ્રથમ સ્થાન મેળવ્યું હતું. આ સિદ્ધિથી શાળા અને રાજુલાનું નામ રોશન કર્યું છે. આચાર્ય ક્રિષ્નાસર બારૈયાના માર્ગદર્શન અને કપિલ સરની તાલીમથી સફળતા મેળવી છે. હવે રાજ્યકક્ષાની સ્પર્ધામાં ભાગ લેશે. શાળા પરિવાર દ્વારા હર્ષિલને અભિનંદન પાઠવી શુભેચ્છાઓ આપવામાં આવી હતી.

# રાજુલા-પીપાવાવ રેલવે ટ્રેક પર ફરજ બજાવતા સેવકોએ આવેદન પાઠવ્યું

રાજુલા,તા.૨૧

રાજુલા-પીપાવાવ રેલવે ટ્રેક પર સિંહો સહિતના વન્યપ્રાણીઓની સુરક્ષા માટે આઉટસોર્સિંગથી ફરજ બજાવતા ૪૫થી વધુ 'રેલવે સેવકો' તેમની લાંબા સમયથી પડતર માંગણીઓ ન સંતોષાતા આંદોલનના મૂડમાં આવ્યા છે. આ કર્મચારીઓએ રાજુલા પ્રાંત અધિકારીને આવેદનપત્ર પાઠવીને તંત્રને સ્પષ્ટ ચેતવણી આપી છે કે જો નિર્ધારિત સમયમાં ઉકેલ નહીં આવે તો તેઓ ગાંધીચિંધ્યા માર્ગે હડતાળ પર ઉતરશે.




લાઠીના મહે. જયુ. મેજી. ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મું.લાઠી

ફો.પ.અ.નં. ૧૪૯/૨૦૨૬
મુદત તા.૧૭/૧૧/૨૦૨૬

વિવાદી :- સવિતાબેન બાબુભાઈ સાંગાણી ડો/ઓ પોપટભાઈ રણછોડભાઈ સાવલીયા રહે.ટોડા તા.લાઠી જી.અમરેલી

- //વિરૂધ્ધ//-

પ્રતિવિવાદી :- જન્મ- મરણ નોંધણી અધિકારીશ્રી-વ-
શ્રી તલાટી કમ મંત્રીશ્રી,શેખપીપરીયા ગ્રામ પંચાયત કચેરી,
મુ.શેખપીપરીયાતા.લાઠી, જી. અમરેલી.

અરજદારનાં વિ.વકીલશ્રી : કે.સી.મકવાણા

-// નોટીસ //-

આથી આ જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોકત અરજદાર સવિતાબેન પોપટભાઈ સાવલીયાનાઓનો જન્મ તા.૦૧/૦૬/૧૯૫૬ ના રોજ મોજે ગામ:શેખપીપરીયા તા.લાઠી મુકામે થયેલ અને તેની જન્મ-મરણ નોંધણી રજીસ્ટરે નોંધ કરાવવા અંગે અત્રેની અદાલતમાં જન્મ-મરણ નોંધણી અધિનીયમની કલમ-૧૩(૩) મુજબ- હાલની અરજ કરેલ છે.જેથી અરજદારની માંગણી મુજબ તેઓની જન્મ અંગેની નોંધ કરાવવા અંગેનો હુકમ શા માટે ન કરવો ? તેનું કારણ દર્શાવવા મુદત તા.૧૭/૧૧/૨૦૨૬ ના રોજ કલાક ૧૦:૩૦ વાગ્યે સુનાવણી રાખવામાં આવેલ છે.આથી જે કોઈ ઈસમ તથા સરકારી/અર્ધસરકારી કચેરી, પેઢી, મંડળી, વ્યકિત, સ્વાયત સંસ્થા વિગેરેને સદરહું અરજી સામે વાંધો કે તકરાર હોય તો તેઓએ સદરહું મુદત તારીખે અદાલત સમક્ષ જાતે અથવા પોતાના માહીતગાર વકીલ/મુખત્યાર મારફતે અત્રેની કોર્ટમાં હાજર રહેવું.જો તેમ કરવામાં કસુર કરશો તો કાયદા અન્વયે યોગ્ય તે હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.

આજ રોજ તા. ૨૧' મી, માહે ઓકટોબર, સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યું.

| (તૈયાર કરનાર) | (મુકાબલ કરનાર) | કોર્ટનો સિક્કો | હુકમથી |
|---|---|---|---|
| સહી | સહી | | સહી |
| (એમ.ડી.ઘાટલીયા) | (એ.ડી.ગોહીલ) | | (કે.એમ.સોલંકી) |
| આસીસ્ટન્ટ | આસીસ્ટન્ટ | | રજીસ્ટ્રાર |


# રાજુલામાં પોસ્ટ વિભાગની મોબાઈલ થિયેટર વાનમાં વિવિધ યોજનાઓની અપાઈ માહિતી

રાજુલા,તા.૨૧

ભારત સરકારના પોસ્ટ વિભાગ દ્વારા વિવિધ યોજનાઓ અને સેવાઓ અંગે જાગૃતિ ફેલાવવાના હેતુથી રાજુલા શહેરમાં મોબાઈલ થિયેટર વાન લાવવામાં આવી હતી. રાજુલા માર્કેટિંગ યાર્ડ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં નગરપાલિકાનાં ચીફ ઓફિસર દેવીબહેન સહિત વેપારીઓ, આગેવાનો, સંસ્થાના કાર્યકરો અને પત્રકારો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં આધાર કાર્ડ, બચત બેંક, જીવન વીમો, અકસ્માત વીમો, ફિક્સ ડિપોઝિટ અને મોબાઈલ બેંકિંગ સહિતની સુવિધાઓ અંગે માહિતી આપવામાં આવી હતી. ડિજિટલ યુગમાં પોસ્ટ વિભાગ દ્વારા આધુનિક ટેક્નોલોજીના માધ્યમથી નાગરિકો સુધી સેવાઓ પહોંચાડવામાં આવી રહી છે. મોબાઈલ વાનની મુલાકાત લઈ લોકોએ વિવિધ યોજનાઓની માહિતી મેળવી હતી. પોસ્ટ વિભાગના સ્ટાફ દ્વારા કાર્યક્રમની વ્યવસ્થા સંભાળવામાં આવી હતી.


તસવીર : ગોપાલ રાઠોડ





Jitendra Sanghani
Cell : 98254 22922

MARUTI SUZUKI

મારુતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ

કારકેર સેન્ટર

(Maruti Authorised Workshop)



વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ, રીપેરીંગ, વોશિંગ તેમજ સર્વિસ કરી આપનાર

ચકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com

લાઠીના મહે. જયુ. મેજી. ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મું.લાઠી

ફો.પ.અ.નં. ૧૫૨/૨૦૨૬
મુદત તા.૧૬/૧૧/૨૦૨૬

વિવાદી :- મોહનભાઈ પરશોતમભાઈ ડાભી
રહે. ૧૧૧ પ્લોટ વિસ્તાર, દામનગર, તા.લાઠી જી.અમરેલી

- //વિરૂધ્ધ//-

પ્રતિવિવાદી :- જન્મ- મરણ નોંધણી અધિકારીશ્રી-વ-
શ્રી ચીફ ઓફીસરશ્રી, નગરપાલીકા કચેરી દામનગર
મુ.દામનગર તા.લાઠી, જી. અમરેલી.

અરજદારનાં વિ.વકીલશ્રી : કે.સી.મકવાણા

-// નોટીસ //-

આથી આ જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોકત અરજદાર મોહનભાઈ પરશોતમભાઈ ડાભી નાઓનો જન્મ તા.૧૧/૦૯/૧૯૫૧ ના રોજ મોજે ગામ:દામનગર તા.લાઠી મુકામે થયેલ અને તેની જન્મ-મરણ નોંધણી રજીસ્ટરે નોંધ કરાવવા અંગે અત્રેની અદાલતમાં જન્મ-મરણ નોંધણી અધિનીયમની કલમ-૧૩(૩) મુજબ હાલની અરજ કરેલ છે.જેથી અરજદારની માંગણી મુજબ તેઓની જન્મ અંગેની નોંધ કરાવવા અંગેનો હુકમ શા માટે ન કરવો ? તેનું કારણ દર્શાવવા મુદત તા.૧૬/૧૧/૨૦૨૬ ના રોજ કલાક ૧૦:૩૦ વાગ્યે સુનાવણી રાખવામાં આવેલ છે.આથી જે કોઈ ઈસમ તથા સરકારી/અર્ધસરકારી કચેરી, પેઢી, મંડળી, વ્યકિત, સ્વાયત સંસ્થા વિગેરેને સદરહુ અરજી સામે વાંધો કે તકરાર હોય તો તેઓએ સદરહું મુદત તારીખે અદાલત સમક્ષ જાતે અથવા પોતાના માહીતગાર વકીલ/મુખત્યાર મારફતે અત્રેની કોર્ટમાં હાજર રહેવું.જો તેમ કરવામાં કસુર કરશો તો કાયદા અન્વયે યોગ્ય તે હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.

આજ રોજ તા.૨૧' મી, માહે ઓકટોબર, સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યું.

| (તૈયાર કરનાર) | (મુકાબલ કરનાર) | કોર્ટનો સિક્કો | હુકમથી |
|---|---|---|---|
| સહી | સહી | | સહી |
| (એમ.ડી.ઘાટલીયા) | (એ.ડી.ગોહીલ) | | (કે.એમ.સોલંકી) |
| આસીસ્ટન્ટ | આસીસ્ટન્ટ | | રજીસ્ટ્રાર |

|| શ્રી ગણેશાય નમઃ || || શ્રી ૧૧ || || શ્રી બાલમુકુંદજી પ્રભુ વિજયતે ||

અમરેલીના આંગણે વિશ્વાસ અને સુંદરતાનું નવું સરનામું...



YJ યમુના જ્વેલર્સ
(અમરાપુર વાળા)

અમે અત્યંત આનંદ સાથે જણાવીએ છીએ કે, આપના અતૂટ વિશ્વાસ અને સાથ-સહકારને કારણે યમુના જ્વેલર્સ હવે એક ભવ્ય અને નવા સોપાન સાથે આપની સેવામાં સજ્જ છે.

- શુદ્ધતાની ખાતરી : 100% હોલમાર્કવાળા દાગીના
- નવીનતમ ડિઝાઈન : એન્ટિક, રાજવાડી અને મોર્ડન જ્વેલરીનો વિશાળ ખજાનો
- પારદર્શક વ્યવહાર : વ્યાજબી મજૂરી અને વિશ્વાસપાત્ર સર્વિસ

અમારા નવા આધુનિક શો-રૂમની મુલાકાત લો અને આપની સુંદરતામાં ચાર ચાંદ લગાવો.

સ્થળ : દુ.નં. - ૩, પટેલ વાડી શોપિંગ સેન્ટર, હીરામોતી ચોક, લીલીયા રોડ, અમરેલી.

હીરેનભાઈ ચંદુભાઈ સોની
મો. ૯૪૨૯૨ ૨૦૮૪૭/૮૧૪૧૨ ૦૭૭૩૬

### દશેરાના પાવન પર્વે નાની બાળાઓનું શક્તિ સ્વરૂપે પૂજન કરવામાં આવ્યું

# અમરેલીમાં આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ દ્વારા શસ્ત્રપૂજન કરાયું

અમરેલી,તા.૨૧

અમરેલીમાં વિજયાદશમી એટલે કે દશેરાના પાવન પર્વ નિમિત્તે આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદની અમરેલી શહેર ટીમ દ્વારા કન્યા પૂજન, મા શક્તિની ઉપાસના અને શસ્ત્રપૂજનનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. પૂજ્ય શાસ્ત્રીજીના મુખેથી વેદોના મંત્રોચ્ચાર સાથે શસ્ત્રપૂજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં નાની બાળાઓનું શક્તિ સ્વરૂપે પૂજન કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદના ગુજરાત પ્રદેશ કાર્યકારી અધ્યક્ષ ડો. જી.જે.ગજેરા, ગુજરાત પ્રદેશ રાષ્ટ્રીય કિસાન પરિષદના પ્રભારી અને સૌરાષ્ટ્ર પ્રાંત સંગઠન મહામંત્રી નિર્મલસિંહ ખુમાણ, વિભાગ અધ્યક્ષ મનસુખભાઈ રૈયાણી, ઈન્ડિયા હેલ્થ લાઈનના સૌરાષ્ટ્ર પ્રાંત અધ્યક્ષ ડો. કિરીટભાઈ દેસાણી, રાષ્ટ્રીય મજદૂર પરિષદના સૌરાષ્ટ્ર પ્રાંત અધ્યક્ષ સુરેશભાઈ સોલંકી, સૌરાષ્ટ્ર પ્રાંત મંત્રી મજબૂતસિંહ બસીયા, વિભાગ અધ્યક્ષ દડુભાઈ ખાચર જિલ્લા મંત્રી મહેશભાઈ સોલંકી રાષ્ટ્રીય બજરંગ દળ જિલ્લા અધ્યક્ષ દિલીપભાઈ બામટા જિલ્લા કોષાધ્યક્ષ એમ. એમ. પટેલ, જીગ્નેશભાઈ ક્યાડા, ઉદયભાઈ રાજપુત સંજયભાઈ પોપટ નાનુભાઈ તળાવિયા રણજીતભાઈ, ડાભી સિદ્ધાર્થભાઈ, ગજેરા દિનેશભાઈ ભરવાડ, કિશોરભાઈ મહેતા, જીતભાઈ કાબરીયા, વિપુલભાઈ ગજેરા, રાષ્ટ્રીય મજદૂર જિલ્લા અધ્યક્ષ નિલેશભાઈ સોલંકી તેમજ મંત્રી જીતુભાઈ ભટ્ટ, બાબુભાઈ બામટા, પૃથ્વી જોગરાણા, ગોપાલભાઈ ચોટલીયા, મહેશભાઈ ચોટલીયા તેમજ બહોળી સંખ્યામાં કાર્યકર્તા ભાઈઓ રાષ્ટ્રીય મહિલા પરિષદના હોદ્દેદારો રાષ્ટ્રીય ઓજસ્વીની બહેનો વિગેરે આ કાર્યક્રમમાં જોડાયા હતા. શક્તિ રૂપે નાની બાળાઓનું પૂજન કરવામાં આવ્યું હતુ.



આ ઉપરાંત જિલ્લા અને વિભાગના હોદ્દેદારો, રાષ્ટ્રીય બજરંગ દળના કાર્યકરો, જોડાયા હતા. નિર્મલસિંહ ખુમાણે સંગઠનને વધુ મજબૂત બનાવવા અને નવાં હનુમાન ચાલીસા કેન્દ્રો શરૂ કરવા અંગે માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમનું સંચાલન મજબૂતસિંહ બસીયા અને સુરેશભાઈ સોલંકીએ કર્યું હતું.

### કન્યા પૂજન, મા શક્તિની ઉપાસના અને વૈદિક મંત્રોચ્ચાર સાથે વિજયાદશમીની ઉજવણી,સંગઠનને મજબૂત બનાવવા હનુમાન ચાલીસા કેન્દ્રો શરૂ કરવા અપીલ

# દામનગરની પરમાર્થ કન્યા છાત્રાલયમાં ૧૧૦થી વધુ દીકરીઓનું નિઃશુલ્ક હોમિયોપેથીક નિદાન

અમરેલી,તા.૨૧

દામનગર ખાતે કાર્યરત પરમાર્થ નિઃશુલ્ક કન્યા છાત્રાલયમાં અભ્યાસ કરતી ૧૧૦થી વધુ દીકરીઓ માટે નિઃશુલ્ક હોમિયોપેથીક નિદાન કેમ્પ યોજાયો હતો. અમરેલી ખાતે આવેલ સંસ્કાર હોમિયોકેરના ડૉ. જીતેન્દ્રભાઈ પટેલ અને તેમની ટીમ દ્વારા આ સેવાકીય કાર્ય કરવામાં આવ્યું હતું.શિક્ષણની



સાથે દીકરીઓને આરોગ્યની યોગ્ય સંભાળ મળી રહે તેવા હેતુથી આ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. કેમ્પ દરમિયાન ડૉ. જીતેન્દ્રભાઈ પટેલે દીકરીઓની વ્યક્તિગત આરોગ્ય તપાસ કરી તેમની જરૂરિયાત મુજબ તબીબી માર્ગદર્શન આપ્યું હતું. પરમાર્થ ટ્રસ્ટ દ્વારા દીકરીઓને નિઃશુલ્ક શિક્ષણ અને રહેવા સહિતની સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે. દીકરીઓના શૈક્ષણિક વિકાસની સાથે તેમના સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતિ જળવાઈ રહે તે માટે આ પહેલ કરવામાં આવી હતી. આગામી સમયમાં પણ દીકરીઓના સ્વાસ્થ્યની સંભાળ માટે દર મહિને નિઃશુલ્ક આરોગ્ય કેમ્પ યોજવામાં આવશે.

### લીલીયાના સનાળીયા ગામની ઘટનામાં રાજયના ગૃહ વિભાગ દ્વારા

# ખૂન કેસમાં સ્પેશિયલ પી.પી. તરીકે ઉદયન ત્રિવેદીની નિમણૂંક કરાઈ

અમરેલી,તા.૨૧

અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના સનાળીયા ગામના ફરીયાદી યુવરાજભાઈ ભરતભાઈ ઢીમેચાએ દોઢેક વર્ષ પહેલા અજયભાઈ ભીખાભાઈ મકવાણાના નામે સ્પ્લેન્ડર મોટર સાઈકલ ફાઈનાન્સથી લીધું હતું. તા. ૧૨-૦૪-૨૦૨૫ના રોજ અજયભાઈના ભાઈ સાગરભાઈ મકવાણાએ ફરીયાદીને ગાળો આપી ઝાપટ મારી હતી. ત્યારબાદ બપોરે ચારેક વાગ્યે સાગર, પ્રકાશ, મીલન, હરેશ અને વિશાલ મકવાણાએ લોખંડના પાઈપ, કુહાડી અને લાકડાના ધોકા સાથે હુમલો કર્યો હતો. કુહાડીનો ઘા વાગતા મહેન્દ્રભાઈનું



સારવાર દરમીયાન મોત થયું હતું. અમરેલીના એસ.પી. સંજય ખરાતના માર્ગદર્શન હેઠળ પી. આઈ. એમ.ડી. સાળુંકેએ તપાસ કરી આરોપીઓ સામે ચાર્જશીટ કર્યું હતું. આ બનાવ સમગ્ર સૌરાષ્ટ્રમાં ચકચારી બનતા, ઘણા કિસ્સામાં આરોપીઓને સખત સજા કરાવનાર અમરેલીના સીનીયર એડવોકેટ ઉદયન ત્રિવેદીની સરકારે સ્પેશ્યલ પી.પી. તરીકે નિમણૂક કરી છે.

# અમરેલી પેરોલ ફર્લો સ્ક્વૉર્ડે દોઢ માસથી ફરાર કેદીને સુરતથી ઝડપી પાડ્યો

અમરેલી,તા.૨૧

અમરેલી પેરોલ ફર્લો સ્ક્વોર્ડે બળાત્કારના ગુનામાં આજીવન કેદની સજા ભોગવતા દોઢ માસથી ફરાર કેદીને સુરતના પુણાગામમાંથી ઝડપી પાડ્યો છે.

પકડાયેલો ૨૫ વર્ષીય પંકજ ઉર્ફે હાજો વિનુભાઈ સાથળિયા મૂળ અમરેલી જિલ્લાના સલડી ગામનો રહેવાસી છે. તેને વર્ષ



૨૦૨૦ના ગુનામાં પોક્સો કાયદા હેઠળ આજીવન કેદની સજા થઈ હતી અને તે લાજપોર જેલમાં સજા ભોગવી રહ્યો હતો. હાઈકોર્ટના આદેશથી વચગાળાના જામીન પર મુક્ત થયા બાદ તેને ૨ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ જેલમાં હાજર થવાનું હતું, પરંતુ તે ફરાર થઈ ગયો હતો. અગાઉ ૨૦૨૪માં પણ પેરોલ પર મુક્ત થયા બાદ પાંચ માસ સુધી ફરાર રહ્યો હતો. પોલીસે તેને ફરી ઝડપી જેલ હવાલે કર્યો છે.

# સાવરકુંડલા શહેરમાં સ્વ. ગુણુબાપુની ૪૯મી પુણ્યતિથિએ સેવાકાર્યો યોજાયા

સાવરકુંડલા,તા.૨૧

સાવરકુંડલાની જાહેર સંસ્થા ગુણવંત નિમાવત સ્મારક ટ્રસ્ટ દ્વારા સ્વ. ગુણુબાપુની ૪૯મી પુણ્યતિથિ નિમિત્તે સેવાકીય કાર્યક્રમ યોજાયો હતો. માતુશ્રી વિમળાબેન ચંપકલાલ



ખેતાણી પરિવાર ફાઉન્ડેશનના સહયોગથી જરૂરિયાતમંદ બાળકોને મીઠાઈ અને નાસ્તાનું વિતરણ કરાયું હતું. સરકારી હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા દર્દીઓને ફળો અને બિસ્કિટ આપવામાં આવ્યાં હતાં. ટ્રસ્ટના હોદ્દેદારોના માર્ગદર્શન હેઠળ સ્વયંસેવકોએ વિવિધ વિસ્તારોમાં સેવાકાર્યો હાથ ધર્યા હતાં. મીઠાઈ અને નાસ્તો મેળવી બાળકોના ચહેરા પર ખુશી છવાઈ ગઈ હતી.

# દામનગરમાં ગટરની કુંડીના તૂટેલા ઢાંકણાં નવા લગાવવા ઉઠી માંગ

અમરેલી,તા.૨૧

દામનગર શહેરમાં શ્રીમતી ઝેડ. એમ. અજમેરા ગર્લ્સ હાઈસ્કૂલની સામે રોડ સાઈડમાં બનાવેલ ફૂટપાથ ઉપર ગટરની કુંડીનું ઢાંકણું છેલ્લા કેટલાય સમયથી તૂટેલી હાલતમાં જોવા મળી રહ્યું છે. જેના કારણે અહીંથી પસાર થતા રાહદારીઓ અને વિદ્યાર્થીઓ માટે અકસ્માતનો ભય રહ્યા કરે




છે. આ જગ્યાએ તૂટેલા ઢાંકણાંના કારણે કોઈ મોટી દુર્ઘટના સર્જાય તે પહેલાં નગરપાલિકા તંત્ર દ્વારા ગંભીરતાથી નોંધ લેવામાં આવે તે જરૂરી છે. શહેરમાં અન્ય જગ્યાએ પણ ગટરની કુંડીઓના ઢાંકણાં તૂટેલા હોય અથવા ઢાંકણાં ન હોય ત્યાં નવા ઢાંકણાં ફિટ કરવામાં આવે તેવી માંગ ઉઠી છે.


નિવિદા સંદર્ભ : ગ્રા.પં.વ./ટેન્ડર/ટાંકી/૨૦૨૬-૨૭ શાખા : જાહેર બાંધકામ / હરાજી શાખા

**ગ્રામ પંચાયત કચેરી - વઢેરા તાલુકો : જાફરાબાદ, જિલ્લો : અમરેલી**

જા.નં. : ગ્રા.પં.વ./નિવિદા/ટાંકી/૨૦૨૬/૪૦ તા....................

**:: જાહેર હરાજી અંગેની વિગતવાર નિવિદા ::**

આથી જાહેર હરાજીથી ઈમલો લેવામાં રસ ધરાવતા ઈજારદારો/વેપારીઓ તથા જાહેર જનતાને આ નિવિદાથી જાણ કરવામાં આવે છે કે કાર્યપાલક ઈજનેરશ્રી, પંચાયત પાણી પુરવઠા વિભાગ, અમરેલીના પત્ર નં. પા.પુ./પી.બી/વશી/જર્જરીત ટાંકી/૫૪/૨૦૨૬ તા. ૦૬/૧૦/૨૦૨૬ અન્વયે વઢેરા ગામની વાસ્મો નિર્મિત ૨૦ વર્ષ જૂની, ૬૦,૦૦૦ લીટર ક્ષમતાવાળી જર્જરિત પાણીની ટાંકી (અંદાજિત કોંક્રિટ ૨૧.૮૬ ઘનમીટર તથા સ્ટીલ વજન ૬૦૦.૬૦ કિગ્રા) ઉતારી લેવા બાબત નીચે દર્શાવેલ વિગતે "જ્યાં છે અને જે સ્થિતિમાં છે" ના ધોરણે જાહેર હરાજીથી નિકાલ કરવામાં આવનાર છે.

| ક્રમ | અસ્ક્યામત અને ઈમલાની વિગત | જાહેર હરાજીની તારીખ ને વાર | સમય | અપસેટ પ્રાઈઝ રૂ. | હરાજીનું સ્થળ |
|---|---|---|---|---|---|
| ૧ | વઢેરા ગામની જર્જરિત પાણીની ટાંકી (૬૦,૦૦૦ લીટર) નો જૂનો ઉભો ઈમલો | તા. ૨૬/૧૦/૨૦૨૬ સોમવાર | બપોરે ૦૧:૦૦ કલાકે | રૂ.૩,૩૪૦ (અંકે રૂ. ત્રણ હજાર ત્રણસો ચાલીસ પુરા) | પાણીની ટાંકી પરિસર |

નિવિદાની સામાન્ય માર્ગદર્શિકા :
ઉક્ત જર્જરિત પાણીની ટાંકીનું સ્થળ નિરીક્ષણ હરાજીની તારીખ અગાઉ કામકાજના દિવસો દરમિયાન રૂબરૂ સ્થળ પર જઈને કરી શકાશે. જાહેર હરાજીની શરતો, બોલીઓ અને નિયમો સ્થળ ઉપર વાંચી સંભળાવવામાં આવશે. આ હરાજી અંગે કોઈપણ બોલી સ્વીકારવી, અસ્વીકાર કરવી અથવા વહીવટી કારણોસર સમગ્ર હરાજી મુલતવી રાખવાનો કે રદ કરવાનો સર્વોચ્ચ અને આખરી અધિકાર ગ્રામ પંચાયત વઢેરાના સરપંચશ્રી તથા તલાટી કમ મંત્રીશ્રીની સંયુક્ત સમિતિનો અબાધિત રહેશે.

તલાટી કમ મંત્રી
ગ્રામ પંચાયત વઢેરા
તા. જાફરાબાદ, જિ. અમરેલી

સરપંચશ્રી
ગ્રામ પંચાયત વઢેરા
તા. જાફરાબાદ, જિ. અમરેલી


# ખાંભાના ડેડાણ ગામેથી ૪ જુગારી ઝડપાયા

ખાંભા, તા.૨૧

ખાંભાના ડેડાણ ગામેથી પોલીસે ૪ જુગારી ઝડપી પાડ્યા હતા. તેમની પાસેથી રૂ. ૧૦,૪૫૦નો મુદ્દામાલ જપ્ત કરાયો હતો. મનસુખભાઈ જાદવભાઈ પરમાર, અબદુલભાઈ ઈસાભાઈ અગવાન, ધીરૂભાઈ નાનજીભાઈ સાખટ, દેવરાજભાઈ બાલુભાઈ ખસિયા હારજીતનો જુગાર રમતાં રોકડા ૧૦,૪૫૦ના મુદ્દામાલ સાથે ઝડપાયા હતા. ખાંભા પોલીસ સ્ટેશનના એ. પી. રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.


**નામ બદલાવેલ છે**

આથી અમો નીચે સહી કરનાર હબીબ મુસાભાઈ મુગલ જાહેર કરૂ છુ કે મેં મારૂ નામ મુગલ હબીબ બદલાવીને હબીબ મુસાભાઈ મુગલ રાખેલ છે અને હવે પછી હું મારૂ નામ હબીબ મુસાભાઈ મુગલ તરીકે ઓળખાઈશ

સહી : હબીબ મુસાભાઈ મુગલ
સરનામું : ૨૦૪, લાઈટ હાઉસ રોડ મું. જાફરાબાદ, તા.જાફરાબાદ-જી.અમરેલી, પીન ૩૬૫૫૪૦


**અવસાન નોંધ**

**રાજકોટ**

જયેશભાઈ કિશોરભાઈ શુક્લ (ઉ.વ.૫૮) તે કિશોરભાઈ, દેવિકાબેનના મોટા પુત્ર, નયનાબેનના પતિ તથા અતુલભાઈ, કલ્પનાબેન જોષીના ભાઈ, દીક્ષિત, ભૂમિબેન, હર્ષભાઈના પિતાનું તા.૧૯ના અવસાન થયું છે. બેસણું તા.૨૨ના ગુરુવાર સાંજે ૪.૩૦ થીદ્ કલાકે ચંદ્રમૌલેશ્વર મહાદેવ મંદિર સાધુ વાસવાણી રોડ ગંગોત્રી ડેરી વાળી શેરી રાજકોટ ખાતે રાખેલ છે.


**ગ્રામ પંચાયત કચેરી - વઢેરા તાલુકો : જાફરાબાદ, જિલ્લો : અમરેલી**

જા.નં. : ગ્રા.પં.વ./હરાજી/આંગણવાડી/૨૦૨૬/૪૧ તા....................

**:: જાહેર હરાજી અંગેની નોટીસ ::**

સૌ લાગતાવળગતા અને જાહેર જનતાને આ નોટિસથી જણાવવાનું કે, બાળ વિકાસ યોજના અધિકારીશ્રી, જાફરાબાદ ઘટકના પત્ર નં. આઈ.સી.ડી.એસ./જર્જરિત મકાન/વશી/૧૦/૨૦૨૬ તા. ૦૭/૧૦/૨૦૨૬ (સંદર્ભ: જિલ્લા પ્રોગ્રામ ઓફિસર અમરેલી પત્ર નં. DPAMRL/૦૦૮૧/૦૭/૨૦૨૩) અન્વયે વઢેરા ગામના આંગણવાડી કેન્દ્ર વઢેરા-૪ (કોડ નં. ૩૮) નું જર્જરિત મકાન તોડી પાડી ખુલ્લી જમીન સોંપવા આદેશ થયેલ છે. તેમજ નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન (પંચાયત) પેટા વિભાગ રાજુલા તથા તાલુકા પંચાયત કચેરી જાફરાબાદ બાંધકામ શાખાના પત્ર નં./બાંધ/અપસેટ/વશી/૦૮/૨૦૨૬ તા. ૧૧/૦૮/૨૦૨૬ અન્વયે સદર મકાન પાડતા ઉપજતી અપસેટ કિંમત રૂ. ૧૦,૦૦૦/- (અંકે રૂપિયા દસ હજાર પુરા) નક્કી કરવામાં આવેલ છે. જેથી ગ્રામ પંચાયત હસ્તકની સદર જર્જરિત અસ્કયામત (ઉભા ઈમલા) ની જાહેર હરાજી નિયત શરતોને આધીન રાખવામાં આવેલ છે.

| ક્રમ | અસ્ક્યામત અને ઈમલાની વિગત | જાહેર હરાજીની તારીખ ને વાર | સમય | હરાજીનું સ્થળ |
|---|---|---|---|---|
| ૧ | જર્જરિત આંગણવાડી કેન્દ્ર વઢેરા-૪ (કોડ નં. ૩૮) નો જૂનો ઉભો ઈમલો (બાંધકામ મલબો/સામાન) | તા. ૨૬/૧૦/૨૦૨૬ સોમવાર | બપોરે ૧૨:૦૦ કલાકે | આંગણવાડી પરિસર મુ. વઢેરા |

સામાન્ય પ્રાથમિક શરતો:
૧. હરાજીમાં ભાગ લેનાર દરેક ઈચ્છુક આસામીએ રૂ. ૧,૦૦૦/- (અંકે રૂપિયા એક હજાર પુરા) ડિપોઝિટ પેટે રોકડા ગ્રામ પંચાયતમાં જમા કરાવી અધિકૃત પહોંચ મેળવવાની રહેશે.
૨. મંજૂર થયેલ અપસેટ કિંમત રૂ. ૧૦,૦૦૦/- થી હરાજી શરૂ કરવામાં આવશે. સૌથી વધુ બોલી બોલનાર આસામીની તરફેણમાં હરાજી આખરી કરવામાં આવશે.
૩. આખરી થયેલ સફળ બોલીદારે બોલીની પૂરેપૂરી રકમ તે જ દિવસે રોકડ અથવા ડી.ડી./ચેકથી ગ્રામ પંચાયત ખાતામાં જમા કરાવવાની રહેશે.
૪. સફળ બોલીદારે મકાન પાડીને દિન-૧૦ (દસ) માં સદર જગ્યામાંથી તમામ માલસામાન હટાવી પંચાયતને ચોખ્ખી અને સમથળ કરી આપવાની રહેશે.
૫. ડીમોલેશન દરમિયાન કોઈ જાનમાલની નુકસાની થશે તો તેની તમામ દીવાની/ફોજદારી જવાબદારી ખરીદનાર એજન્સી/વ્યક્તિની રહેશે.

તલાટી કમ મંત્રી
ગ્રામ પંચાયત વઢેરા
તા. જાફરાબાદ, જિ. અમરેલી

સરપંચશ્રી
ગ્રામ પંચાયત વઢેરા
તા. જાફરાબાદ, જિ. અમરેલી










# ગજેરા કેમ્પસ વિદ્યાસભાના ખેલાડીએ રાજ્ય કક્ષાની એથ્લેટિક્સ સ્પર્ધામાં ગોલ્ડ મેડલ મેળવ્યો

અમરેલી,તા.૨૧



નડિયાદ ખાતે અંડર-૧૪ ભાઈઓ માટેની રાજ્યકક્ષાની એથ્લેટિક્સ સ્પર્ધાનું આયોજન તા. ૧૩-૧૦-૨૦૨૬ થી ૧૫-૧૦-૨૦૨૬ દરમિયાન કરવામાં આવેલ હતું. જેમાં ગજેરા કેમ્પસ DLSSના વિદ્યાર્થી કિશન વાઘેલાએ હાઈ જંપ ઈવેન્ટમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો હતો. આ સિદ્ધિ મેળવી કિશને શાળા તથા અમરેલી જિલ્લાનું નામ રોશન કર્યું છે.કિશનની આ સફળતાથી ગજેરા કેમ્પસમાં આનંદની લાગણી ફેલાઈ છે. આ સિદ્ધિ બદલ સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મેનેજિંગ ટ્રસ્ટી અશોકભાઈ ગજેરા, મંત્રી ચતુરભાઈ ખૂંટ, મનસુખભાઈ ધાનાણી તેમજ કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણીએ ખેલાડી કિશન વાઘેલાને અભિનંદન પાઠવ્યા હતા. સાથે જ કોચ મિલનભાઈ વ્યાસ, ટ્રેનર પૂજાબેન બાંધભણીયા અને વૈશાલીબેન પાટડીયાને પણ અભિનંદન આપ્યા હતા.

# સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનમાં વિજયાદશમીએ શસ્ત્રપૂજન યોજાયું

**પી.આઈ. કે.બી. સોલંકી સહિત પોલીસ સ્ટાફે વૈદિક મંત્રોચ્ચાર સાથે પરંપરાગત વિધિ કરી**

સાવરકુંડલા,તા.૨૧



તસવીર : સૌરભ દોશી

સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશન ખાતે વિજયાદશમીના પાવન પર્વ નિમિત્તે પરંપરાગત શસ્ત્રપૂજનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પી.આઈ. કે.બી. સોલંકી સહિત પોલીસ સ્ટાફે કર્મકાંડી બ્રાહ્મણોની ઉપસ્થિતિમાં વૈદિક મંત્રોચ્ચાર સાથે શસ્ત્રોનું વિધિવત્ પૂજન કર્યું હતું. ભારતીય સંસ્કૃતિમાં દશેરાના દિવસે શસ્ત્રપૂજનનું વિશેષ મહત્ત્વ છે. આ પરંપરાને જાળવી રાખીને પોલીસે દેશની સુરક્ષા, કાયદો અને વ્યવસ્થાની જાળવણી તથા પ્રજાની રક્ષા કરવાની પોતાની ફરજ પ્રત્યેની પ્રતિબધ્ધતા વ્યક્ત કરી હતી. શાસ્ત્રોક્ત વિધિ સાથે યોજાયેલા આ કાર્યક્રમમાં ધાર્મિક માહોલ જોવા મળ્યો હતો. આ રીતે સાવરકુંડલા પોલીસે પરંપરાનું જતન કર્યું હતું.

# લીલીયા મોટામાં આજે ITI દ્વારા રોજગાર ભરતીમેળાનું આયોજન

અમરેલી,તા.૨૧

અમરેલી જિલ્લા રોજગાર વિનિમય કચેરી અને આઈ.ટી.આઈ. લીલીયાના સંયુક્ત ઉપક્રમે તા.૨૨ ઓક્ટોબર, ગુરુવારે સવારે ૧૦:૩૦ કલાકે આઈ.ટી.આઈ. લીલીયા મોટા ખાતે અનુબંધમ પોર્ટલના માધ્યમથી રોજગાર ભરતીમેળો યોજાશે. જેમાં આઈ.ટી.એમ. સ્કિલ એકેડમી (આઈ.સી.આઈ. સી.આઈ. બેંક)માં રિલેશનશિપ મેનેજર, એલ.આઈ.સી. ઓફ ઈન્ડિયામાં કેરિયર એજન્ટ અને અમર ટ્રેક્ટર્સમાં વર્કશોપ ટેકનિશિયનની જગ્યાઓ માટે ભરતી કરવામાં આવશે. ઉમેદવારોની લાયકાત મુજબ પગાર અને નોકરીનું સ્થળ નક્કી કરવામાં આવશે. ભરતીમેળામાં ભાગ લેવા ઈચ્છુક ઉમેદવારોએ બાયોડેટા, શૈક્ષણિક પ્રમાણપત્રો, આધારકાર્ડ, અનુભવનું પ્રમાણપત્ર (હોય તો) અને પાસપોર્ટ સાઈઝના ફોટા સાથે હાજર રહેવું. વધુ માહિતી માટે ૦૨૭૯૨-૨૨૩૩૯૪ પર સંપર્ક કરવો.

# બગસરાના કડાયા ગામે થ્રેસરે પરપ્રાંતિય યુવકનો ભોગ લીધો

બગસરા,તા.૨૧

બગસરાના કડાયા ગામે થ્રેસરે પરપ્રાંતિય યુવકનો ભોગ લીધો હતો.

મૂળ રાજસ્થાનના બાંસવાડા જિલ્લાના ભીતપાડા ગામના અને હાલ કડાયા ગામે રહેતા સુભાષ રૂપચંદ ડામોર (ઉ.વ.૩૫) એ જાહેર કર્યા મુજબ, સેતુ રૂપચંદ ડામોર (ઉ.વ.૨૩) થ્રેસર મશીનમાં આવી જતાં ગળા તેમજ શરીરના ભાગે નાની-મોટી ગંભીર ઈજાઓ થઈ હતી.

જેથી સારવારમાં બગસરા સરકારી દવાખાને લાવતાં ત્યાં ફરજ પરના ડોક્ટરોએ મૃત જાહેર કર્યા હતા. બગસરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એ. એન. વાળા વધુ તપાસ કરી રહ્યા છે.

# રાજુલામાં ટ્રેડિશનલ નવરાત્રી ગરબા સ્પર્ધા યોજાઈ

રાજુલા,તા.૨૧



તસવીર : ગોપાલ રાઠોડ

રાજુલા ખાતે રાજુલા એજ્યુકેશનલ ટ્રસ્ટ સંચાલિત એચ.બી. સંઘવી મહિલા આર્ટ્સ તથા કોમર્સ કોલેજ અને વિમળાબેન મહેતા કન્યા છાત્રાલય દ્વારા ટ્રેડિશનલ ગરબા સ્પર્ધા ૨૦૨૬ યોજાઈ હતી.

કાર્યક્રમમાં કેમ્પ મેનેજર રવિભાઈ વ્યાસ, સેક્રેટરી બાલકૃષ્ણભાઈ ત્રિવેદી, કેમ્પસ ડાયરેક્ટર ડો. જીગ્નેશભાઈ વાજા અને નિવૃત્ત આચાર્યા દીનાબેન જાદવ ઉપસ્થિત રહ્યા હતા. માતાજીની આરતી બાદ વિદ્યાર્થીનીઓએ પરંપરાગત વેશભૂષામાં ગરબા રજૂ કર્યા હતા. વિવિધ વિભાગોમાં વિજેતાઓ જાહેર કરાયા હતા. પ્રિન્સિપાલ ડો. રીટાબેન રાવલે તમામને અભિનંદન પાઠવ્યા હતા. એન.એસ.એસ. સ્વયંસેવકોએ આયોજનમાં જહેમત ઉઠાવી હતી.

# અમરેલીમાં મોબાઈલ થિયેટર દ્વારા 'ડાક ચોપાલ' અભિયાનનો પ્રારંભ

અમરેલી, તા. ૨૧



ભારતીય ટપાલ વિભાગ દ્વારા નાગરિકોને ટપાલ સેવાઓ, બચત યોજનાઓ અને લોકકલ્યાણકારી યોજનાઓની માહિતી આપવા અમરેલીના સિનિયર સિટીઝન પાર્ક ખાતે 'ડાક ચોપાલ' કાર્યક્રમ યોજાયો હતો. મોબાઈલ થિયેટર વાન દ્વારા યોજાયેલા કાર્યક્રમનો પ્રારંભ નગરપાલિકાના ઉપપ્રમુખ વિરલભાઈ પોપટ અને કારોબારી સમિતિના ચેરમેન મૌલિકભાઈ ઉપાધ્યાયના હસ્તે કરવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં વિવિધ બચત યોજનાઓની માહિતી આપવામાં આવી હતી તેમજ નવા બચત ખાતાં ખોલાવનાર લાભાર્થીઓને પાસબુકનું વિતરણ કરાયું હતું. આ પ્રસંગે આસિસ્ટન્ટ સુપરિન્ટેન્ડન્ટ ભાવિનભાઈ મહેતા, દિલીપભાઈ ભૂતૈયા, હેડ પોસ્ટમાસ્ટર રૂપેશભાઈ દેવમુરારી, કિશોરભાઈ ભટ્ટ, એ.સી. દવે, રાજુભાઈ જોશી અને માર્કેટિંગ એક્ઝિક્યુટિવ પરેશકુમાર મહેતા સહિતના અધિકારીઓ, કર્મચારીઓ તથા નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

# પી.આઈ. પી.ડી. ગોહિલના હસ્તે વડિયા પોલીસ સ્ટેશનમાં વિજયાદશમીના પર્વે શસ્ત્રપૂજન કરાયું

વડિયા,તા.૨૧



વિજયાદશમીના પાવન પર્વ નિમિત્તે વડિયા પોલીસ સ્ટેશન ખાતે શસ્ત્રપૂજનનું આયોજન કરવામાં આવ્યું હતું. પોલીસ ઈન્સ્પેક્ટર પી.ડી. ગોહિલના હસ્તે ધાર્મિક વિધિ-વિધાન સાથે શસ્ત્રપૂજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પોલીસ સ્ટેશનનો સમગ્ર પોલીસ સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો. પોલીસ સ્ટેશનમાં ઉપયોગમાં લેવાતા શસ્ત્રોનું પૂજન કરીને પરંપરાનું પાલન કરવામાં આવ્યું હતું. વિજયાદશમીના પર્વને હિન્દુ સંસ્કૃતિમાં અસત્ય પર સત્ય અને અધર્મ પર ધર્મના વિજયના પ્રતીક તરીકે ઉજવવામાં આવે છે. આ પર્વ નિમિત્તે શસ્ત્રપૂજન કરવાની પરંપરાનું વિશેષ મહત્વ રહેલું છે. પોલીસ વિભાગમાં પણ શસ્ત્રપૂજન કરીને ફરજ, શિસ્ત અને સુરક્ષાના મહત્વને યાદ કરવામાં આવે છે. આ ધાર્મિક પરંપરા દ્વારા પોલીસ કર્મચારીઓએ પોતાની ફરજ પ્રત્યેની નિષ્ઠા અને નાગરિકોની સુરક્ષા માટેની જવાબદારીનું મહત્વ સમજ્યું હતું.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: અગિયારસ
તા.૨૨-૧૦-૨૦૨૬, ગુરુવાર, સૂર્યોદય-૦૬:૨૫,
સૂર્યાસ્ત-૦૫:૪૫, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: શતભિષ

## દૈનિક રાશિફળ

તા. ૨૨-૧૦-૨૦૨૬ ગુરુવાર

મેષ: જીવનસાથી તમારી સર્જનાત્મક ક્રિયાઓથી પ્રભાવિત થશે અને મહત્વપૂર્ણ કાર્યોમાં તમારી સલાહ લેશે. ધાર્મિક કાર્યમાં થોડો ખર્ચ થશે,

વૃષભ: આજનો દિવસ મિશ્રિત ફળ આપશે. વિદ્યાર્થીઓ માટે વિદેશમાં શિક્ષણ મેળવવા, કાર્યોમાં એકાગ્રતા જાળવવા માટે સમય સારો છે.

મિથુન: આજનો દિવસ સાધારણ ફળદાયક રહેશે. ધંધામાં કોઈ સાથીદાર કે સંબંધી દ્વારા માનસિક તણાવ પેદા થઈ શકે છે, ધૈર્ય રાખો.

કર્ક: અચાનક પારિવારિક ખર્ચ માનસિક દબાણમાં વધારો કરી શકે છે. આજીવિકાના ક્ષેત્રે ચાલુ પ્રયત્નો સફળ થશે અને ભાઇઓના સહયોગથી લાભની સ્થિતિ ઉદ્ભવશે.

સિંહ: કૌટુંબિક સહયોગ મળશે અને નવા વેપારીઓને લાભ થશે. રાજકીય દિશામાં કરવામાં આવેલા પ્રયત્નો ફળદાયી થશે, સાર્વજનિક સારો સહયોગ પ્રાપ્ત થશે.

કન્યા: તમે તમારા જીવનસાથી સાથે સારો સમય પસાર કરશો. સફળ વ્યાવસાયિક યોજનાઓ તમારી પ્રતિષ્ઠામાં વધારો કરશે અને તમારા બધા કાર્યોમાં મદદરૂપ થશે.

તુલા: ધંધામાં લાભની શરતો રહેશે અને નવી તકો પણ મળશે. તબીબી વ્યાવસાયિકોની પ્રતિષ્ઠા વધશે અને આર્થિક સ્થિતિ સુધરતી રહેશે.

વૃશ્ચિક: વિદ્યાર્થીઓને ગુરુઓની મદદથી ભાવિની યોજના બનાવવાની તક મળશે. આજીવિકા રોજગારની દિશામાં કરવામાં આવેલા પ્રયત્નોથી સફળતા મળશે.

ધન: વધુ મહેનતને કારણે સ્વાસ્થ્ય કંઈક નરમ રહેશે. જો તમે નોકરી કરો છો તો તમારા અધિકારો વધશે અને જવાબદારી વધશે.

મકર: લવ મેરેજ ઈચ્છુક માટે સમય અનુકૂળ છે. વિવાહિત જીવન સુખી રહેશે અને આર્થિક સ્થિતિ મજબૂત થવાના કારણે ભંડોળમાં વૃદ્ધિના સંકેત મળશે.

કુંભ: ઈચ્છાશક્તિ અને સંકલ્પના કારણે તમને ધંધામાં સારો લાભ મળશે અને મિત્રોની સહાયથી વ્યવસાયિક યોજના મજબૂત બનશે.

મીન: તમને કોર્ટ સંબંધિત બાબતોમાં ફાયદો થશે અને નસીબ પણ જોખમી નિર્ણયમાં તમને સહયોગ આપશે. રોજગાર ક્ષેત્રે ચાલુ પ્રયત્નો સફળ થશે.

# રાજુલા તાલુકાના દાતરડી ગામે રિક્ષા પરત આપવાનું કહેતાં ગાળો આપી

**જાનથી મારવાની ધમકી આપી**

રાજુલા,તા.૨૧

દાતરડી ગામે પાંચ પીપળુ પાસે નેશનલ હાઈવે પર રિક્ષા પરત આપવાનું કહેતાં રૂ. ૫૦ હજાર ચૂકવવાનું કહી ગાળો આપી જાનથી મારવાની ધમકી આપ્યાની ઘટના સામે આવી છે. આ અંગે રજાકભાઈ રહીમભાઈ સુમરા (ઉં.વ.૫૨)એ ફડલેકર મેમણ સામે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ મુજબ, ફરિયાદીએ આરોપી પાસેથી રૂ. ૩૦,૦૦૦ લીધા હતા, જેના બદલામાં તેમણે આરોપીને વાપરવા માટે રિક્ષા આપી હતી. ફરિયાદી તથા તેમના મિત્ર રફીકભાઈ બંને મોટરસાયકલ લઈને દાતરડી ગામે પાંચ પીપળુ પાસે હાઈવે રોડ પર આવેલા ટી.સી. પેટ્રોલ પંપ પાસે ગયા હતા.એવામાં આરોપી ફડલેકર મેમણ રિક્ષા લઈને ત્યાં આવ્યો હતો.

ફરિયાદીએ તેને રૂ. ૩૦,૦૦૦ પરત આપી પોતાની રિક્ષા પાછી માગતાં આરોપીએ રૂ. ૫૦,૦૦૦ ચૂકવવાનું કહ્યું હતું. ફરિયાદીએ રૂ. ૫૦,૦૦૦ ચૂકવવાની ના પાડતાં આરોપીએ તેમની સાથે બોલાચાલી કરી, ગાળો આપી બાજુમાં પડેલા વાંસના ધોકા વડે ફટકાર્યા હતા. તેમજ જમણા ગાલે બચકુ ભરી ઈજા પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બનાવ અંગે ડુંગર પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ વી. જે. ધાખડા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# સાવરકુંડલામાં સનાતન સેવા આશ્રમમાંથી યુવતી ચાલી નીકળી

સાવરકુંડલા,તા.૨૧

સાવરકુંડલામાં લીલાપીરની ધાર સામે સનાતન સેવા આશ્રમ ખાતેથી યુવતી ચાલી નીકળી હતી.

બનાવ અંગે કણકોટના નંદુબેન મનજીભાઈ ખાણીયા (ઉ.વ.૪૫)એ જાહેર કર્યા મુજબ, તેમની દીકરી જીંતલબેન (ઉ.વ.૨૧) તા.૧૮/૧૦/૨૦૨૬ ના રોજ રાત્રીના આશરે સાડા નવેક વાગ્યાથી રાત્રીના આશરે સાડા અગિયારેક વાગ્યા દરમ્યાન સાવરકુંડલા મહુવા બાયપાસ રોડ લીલાપીરની ધાર સામે સનાતન સેવા આશ્રમ ખાતેથી પોતાની મેળે કોઈને કંઈ કહ્યા વગર ક્યાંક જતી રહી હતી. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ જે. એલ. મકવાણા વધુ તપાસ કરી રહ્યા છે.

# રાજુલા પોલીસ સ્ટેશન દ્વારા આવતીકાલે મહારક્તદાન કેમ્પનું આયોજન કરાયું

**સમર્પણ હોસ્પિટલ ખાતે સવારે ૮:૩૦થી બપોરે ૧:૩૦ વાગ્યા સુધી રક્તદાન કેમ્પ યોજાશે**



રાજુલા,તા.૨૦

રાજુલા પોલીસ સ્ટેશન દ્વારા આગામી તા. ૨૩ ઓક્ટોબર, ૨૦૨૬ના શુક્રવારના રોજ મહારક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પ જાફરાબાદ રોડ પર આવેલી સમર્પણ હોસ્પિટલ ખાતે સવારે ૮:૩૦થી બપોરે ૧:૩૦ વાગ્યા સુધી યોજાશે. રક્તદાન એ મહાદાન છે અને એક યુનિટ રક્તથી જરૂરિયાતમંદ દર્દીનો જીવ બચાવી શકાય છે. આ માનવસેવાના કાર્યમાં વધુમાં વધુ લોકો જોડાય અને રક્તદાન કરીને સહભાગી બને તેવી અપીલ કરવામાં આવી છે. અકસ્માત, શસ્ત્રક્રિયા સહિતની પરિસ્થિતિમાં રક્તની જરૂર પડતી હોય છે. જેથી રક્તદાતાઓ આ કેમ્પમાં હાજર રહી રક્તદાન કરે અને માનવજીવન બચાવવાના ઉમદા કાર્યમાં સહયોગ આપે તેવી અપીલ કરાઈ છે.

# સા.કુંડલાના મોટા ભમોદ્રા ગામે ગાળો બોલવાની ના પાડતાં ઢીકાપાટુ માર્યા

વંડા, તા.૨૧

સાવરકુંડલાના મોટા ભમોદ્રા ગામે ગાળો બોલવાની ના પાડતાં યુવકને ઢીકાપાટુનો માર મારવામાં આવ્યો હતો. બનાવ અંગે તેજાભાઈ કરશનભાઈ રાઠોડ (ઉં.વ.૩૫)એ મુનાભાઈ નાથાભાઈ આલગોતર સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેમનાં બહેન દયાબેન અને આરોપી બંને પતિ-પત્ની થાય છે. મોટા ભમોદ્રા ગામે રહેણાંક મકાને ઝઘડો થતાં આરોપીએ ફોન કરીને તેમને જાણ કરી હતી.

જેથી તેજાભાઈ પોતાના ઘરેથી બહેન દયાબેનના ઘરે ગયા હતા અને બહેનને પોતાની સાથે આવવા કહ્યું હતું. જે વાત આરોપીને સારી ન લાગતાં, તેણે ગાળો આપવાનું શરૂ કર્યું હતું. તેજાભાઈએ ગાળો બોલવાની ના પાડતાં આરોપી ઉશ્કેરાઈ ગયો હતો અને તેજાભાઈ તથા તેમનાં બહેન દયાબેનને ઢીકાપાટુ વડે શરીરે આડેધડ મૂંઢ માર માર્યો હતો. ઉપરાંત માથાના ભાગે લાકડીના બે-ત્રણ ઘા મારતાં તેજાભાઈને છ ટાંકા આવ્યા હતા. વંડા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ કે.બી. કામળિયા વધુ તપાસ કરી રહ્યા છે.

તંત્રી લેખ

# શરદ પૂનમ નજીક છતાં ઉનાળાનો અહેસાસ

ગુજરાતમાં સામાન્ય રીતે નવરાત્રીના પ્રારંભ સાથે કે ઓક્ટોબરના મધ્ય સુધીમાં વહેલી સવારે અને રાત્રે ગુલાબી ઠંડીનો અહેસાસ શરૂ થઈ જતો હોય છે, પરંતુ ચાલુ વર્ષે ઓક્ટોબર મહિનો પૂરો થવા આવ્યો હોવા છતાં ઠંડી હજુ સુધી ગાયબ છે અને તેના બદલે રાજ્યના નવથી વધુ શહેરોમાં ગરમીનો પારો સતત વધી રહ્યો છે. છેલ્લા ચોવીસ કલાકમાં સૌથી વધુ ગરમી ૪૦.૬ ડિગ્રી સાથે રાજકોટ ટોપ પર રહ્યું, જ્યારે ભૂજમાં ૩૯ ડિગ્રી અને અમદાવાદમાં ૩૮.૦૧ ડિગ્રી ગરમી નોંધાઈ છે. વધતી જતી ગરમી તથા ઉકળાટના કારણે લોકોએ ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. ખાસ કરીને નવરાત્રી શરૂ થયા પહેલા જ આંશિક ઠંડીની શરૂઆત થઈ જતી હોય છે, જોકે આ વખતે નવરાત્રી પૂરી થવા છતાંય ઠંડીની અસર અનુભવાતી નથી, તેનાથી વિપરીત રાજ્યના અનેક શહેરો તપી રહ્યાં છે. દિવસ દરમિયાન તાપમાન સતત ઊંચું રહેવાને કારણે લોકોને બહાર નિકળવામાં પણ તકલીફ પડી રહી છે અને બપોરના સમયે રસ્તાઓ ઓછા ભરાયેલા જોવા મ ળી રહ્યા છે.

શિયાળાની ઋતુના આગમનમાં થયેલા આ વિલંબ પાછળ હવામાન નિષ્ણાતોએ કેટલાક ચોક્કસ ભૌગોલિક અને વૈજ્ઞાનિક કારણો જવાબદાર ગણાવ્યા છે. ઉત્તર તરફથી આવતા પવનોમાં વિલંબ એ મુખ્ય કારણ છે, કારણ કે ગુજરાતમાં ઠંડીની શરૂઆત મુખ્યત્વે ઉત્તર ભારત તરફથી આવતા ઠંડા અને સૂકા પવનો પર આધાર રાખે છે. હાલમાં હિમાલય કે ઉત્તર ભારતના પર્વતીય વિસ્તારોમાં હજુ સુધી હિમવર્ષા કે તે પ્રકારના ઠંડા મોજા શરૂ થયા નથી, જેના કારણે ગુજરાત તરફ શીત લહેર ફંટાવાના શરૂ થયા નથી. પરિણામે ઉત્તર ભારતમાંથી આવતા પવનોની દિશા અને તીવ્રતા બંને પર અસર પડી રહી છે અને ગુજરાતમાં ઠંડીનો પ્રવેશ મોડો પડી રહ્યો છે.

ક્લાઈમેટ ચેન્જ અને ગ્લોબલ વૉર્મિંગના કારણે તાપમાનમાં થઈ રહેલા વધારાની અસર ગુજરાત પર સ્પષ્ટપણે જોવા મળી રહી છે. ઋતુચક્ર બદલાવાના કારણે ઉનાળા અને ચોમાસાની અવધિ લંબાતી જાય છે, જ્યારે શિયાળાની ઋતુ સંકોચાઈ રહી છે. આથી ઓક્ટોબરમાં પણ ગરમી યથાવત રહે છે અને ઠંડી મોડી પડે છે. વૈશ્વિક સ્તરે સરેરાશ તાપમાન વધતું જવાને કારણે ઋતુઓના સમયપત્રકમાં ફેરફાર થઈ રહ્યો છે, જેની સીધી અસર ખેતી, પાણીના સ્રોત અને લોકોના સ્વાસ્થ્ય પર પણ પડી રહી છે. ખેડૂતોને વાવેતરના સમયમાં ફેરફાર કરવો પડી રહ્યો છે અને ઠંડી પાકોની ઉત્પાદકતા પર પણ અસર થવાની શક્યતા છે.

આમ, ચોમાસાની આડઅસર, ઉત્તર ભારતના પવનોમાં વિલંબ અને વૈશ્વિક તાપમાન વધારો એ ત્રણેય પરિબળો એકસાથે ગુજરાતમાં ઓક્ટોબરના અંત સુધી ઠંડીને ગાયબ રાખ્યા છે. હવામાન નિષ્ણાંતોના મતે આગામી દિવસોમાં પણ ઠંડીની શરૂઆતની કોઈ સ્પષ્ટ આગાહી નથી, કારણ કે હિમાલયમાં હિમવર્ષા અને ઉત્તર ભારતમાં ઠંડા મોજાની શરૂઆત થયા વિના ગુજરાતમાં શિયાળો આવવો મુશ્કેલ છે. લોકોએ હાલ ગરમી સાથે સંઘર્ષ કરવો પડી રહ્યો છે અને આશા રાખવી પડે છે કે નવેમ્બરમાં ઠંડીનો પ્રવેશ થશે. આ સ્થિતિ દર્શાવે છે કે હવામાનમાં થઈ રહેલા ફેરફારો માત્ર એક વર્ષની ઘટના નથી, પરંતુ લાંબા ગાળાની જળવાયુ પરિવર્તનની અસર છે, જેનાથી આગામી વર્ષોમાં ઋતુઓના સમયપત્રકમાં વધુ ફેરફાર જોવા મળી શકે છે.

# પીએનજીમાં પણ હવે હાઈડ્રોજન ઉમેરાશે




પ્રાસંગિક
સુરેશ દેસાઈ

દેશમાં પેટ્રોલમાં ઈથેનોલના મિશ્રણની ટકાવારી વધારીને વીસ ટકા કરવા સામે જે વિરોધ ઉઠ્યો હતો તેનો પડઘો હજુ શાંત થયો નથી ત્યાં જ રસોડા સુધી પહોંચતા ઈંધણમાં એક નવો મોટો ફેરફાર કરવાની તૈયારી શરૂ થઈ ગઈ છે. પેટ્રોલિયમ એન્ડ નેચરલ ગેસ રેગ્યુલેટરી બોર્ડ એટલે કે પીએનજીઆરબીએ ઘરગથ્થુ વપરાશ માટે પૂરા પડાતા પાઈપ્ડ નેચરલ ગેસ એટલે કે પીએનજીમાં કદના આધારે પાંચ ટકા જેટલું હાઈડ્રોજન ભેળવવા માટેની માર્ગદર્શિકાનો મુસદ્દો જાહેર કર્યો છે. આ પગલા પાછળ સરકારનો મુખ્ય ઉદ્દેશ્ય દેશની કુદરતી ગેસની વધતી જતી માંગને પહોંચી વળવા માટે જે મોટા પ્રમાણમાં આયાત કરવી પડે છે તેના પરની નિર્ભરતા ઘટાડવાનો અને સાથે સાથે સ્વચ્છ ઉર્જા તરફ આગળ વધવાનો છે. પરંતુ આ નિર્ણય જેટલો પર્યાવરણની દ્રષ્ટિએ આકર્ષક લાગે છે તેટલો જ તેની પાછળ છુપાયેલા ટેકનિકલ, આર્થિક અને સુરક્ષાના પડકારો પણ મોટા છે જેનો સીધો બોજ આખરે સામાન્ય ગ્રાહકના ખિસ્સા પર પડે તેવી પૂરેપૂરી શક્યતા છે.

આ પ્રકારના મિશ્રણનો વિચાર નવો નથી. પીએનઆરજીબી વર્ષ ૨૦૨૩ આ દિશામાં વિચારણા કરી રહ્યું છે. વિશ્વના ઘણા દેશોમાં પ્રાયોગિક ધોરણે કુદરતી ગેસમાં હાઈડ્રોજન ભેળવવાના પ્રયોગો થઈ રહ્યા છે કારણ કે હાઈડ્રોજન સળગે ત્યારે તેમાંથી માત્ર પાણીની વરાળ નીકળે છે કાર્બન નીકળતો નથી. આમ, તેને ગ્રીન એનર્જીના ભવિષ્ય તરીકે જોવામાં આવે છે. પરંતુ પ્રશ્ન એ છે કે આપણું હાલનું માળખું આ માટે તૈયાર છે ખરું.

હાલમાં જે પાઈપલાઈન દ્વારા ઘરો સુધી પીએનજી પહોંચાડવામાં આવે છે તે પરંપરાગત કુદરતી ગેસ માટે બનાવવામાં આવી છે. હાઈડ્રોજન એ ખૂબ જ હળવો અને અત્યંત જ્વલનશીલ વાયુ છે. તેની જ્વલનશીલતા મિથેન કરતા અનેક ગણી વધારે હોય છે અને તેમાં આગ ખૂબ જ ઝડપથી લાગે છે અને જો દુર્ઘટના સર્જાય તો વિસ્ફોટ પણ અત્યંત ઝડપી અને તીવ્ર હોય છે. આ કારણોસર હાઈડ્રોજન મિશ્રિત ગેસના વહન માટે સામાન્ય પાઈપલાઈન ચાલે નહીં. તેના માટે વધુ મજબૂત, ખાસ પ્રકારના સ્ટીલની અને લીકેજ પ્રૂફ પાઈપલાઈન જોઈએ. સાથે સાથે પ્રેશર રેગ્યુલેટર, મીટર, વાલ્વ અને ઘરમાં વપરાતા ગેસના ચૂલા સુધીની તમામ સિસ્ટમમાં ફેરફાર કરવા પડે. આ ફેરફાર માત્ર ટેકનિકલ નથી પરંતુ ખૂબ જ ખર્ચાળ છે.

આ ખર્ચ કોણ ભોગવશે તે સૌથી મોટો સવાલ છે. દેશમાં પીએનજીનું વિતરણ કરતી મોટી કંપનીઓ જેવી કે ઈન્દ્રપ્રસ્થ ગેસ લિમિટેડ, મહાનગર ગેસ લિમિટેડ, ગુજરાતમાં કાર્યરત સાબરમતી ગેસ અને અદાણી ટોટલ ગેસ જેવી કંપનીઓએ આ માટે સલામતી ઓડિટ, નવા સાધનો, મોનિટરિંગ સિસ્ટમ અને કર્મચારીઓની તાલીમ પાછળ કરોડો રૂપિયાનું નવું રોકાણ કરવું પડશે. કોઈ પણ ખાનગી કંપની આટલું મોટું રોકાણ પોતાના નફામાંથી લાંબો સમય સુધી સહન કરી શકે નહીં. સ્વાભાવિક રીતે આ ખર્ચની વસૂલાત ગ્રાહકો પાસેથી કરવામાં આવશે. એટલે કે રસોડાનો ગેસ મોંઘો થવાની તૈયારી છે.

આ આર્થિક દબાણ એવા સમયે આવી રહ્યું છે જ્યારે ગેસ કંપનીઓ પહેલેથી જ મુશ્કેલીમાં છે. આંતરરાષ્ટ્રીય બજારમાં લિક્વિફાઈડ નેચરલ ગેસ એટલે કે એલએનજીના ભાવમાં પશ્ચિમ એશિયામાં તણાવ ખાસ કરીને ઈરાન અને અમેરિકા વચ્ચેના સંઘર્ષની અસરને કારણે ભારે અસ્થિરતા જોવા મળી છે. ભાવ વધતા કંપનીઓનો નફો સીધો ઘટ્યો છે. ચાલુ નાણાકીય વર્ષના પહેલા ત્રિમાસિક ગાળામાં જ ઈન્દ્રપ્રસ્થ ગેસનો નફો વાર્ષિક ધોરણે ચુમ્માલીસ ટકા જેટલો ઘટીને બસો આડત્રીસ કરોડ પર આવી ગયો હતો.જ્યારે મહાનગર ગેસનો નફો પણ ઓગણચાલીસ ટકા ઘટીને એકસો ત્રાણું કરોડ રહી ગયો હતો. આવી સ્થિતિમાં નવું મૂડી રોકાણ કંપનીઓ માટે વધુ ભારે બનશે.

આ ઉપરાંત હાઈડ્રોજન પોતે પણ સસ્તો નથી. સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલા ટેન્ડર મુજબ ગ્રીન હાઈડ્રોજનનો ભાવ હાલમાં જીએસટી સાથે પ્રતિ કિલો ત્રણસો સત્યાશીથી ત્રણસો સત્તાણું રૂપિયા જેટલો છે. જો તેને ઉર્જાના માપદંડ એમએમબીટીયુમાં ગણીએ તો તેની પડતર કિંમત ૨૮૮૦ થી ૨૯૫૦ રૂપિયા જેટલી થાય છે. જ્યારે સ્થાનિક કુદરતી ગેસની બેન્ચમાર્ક કિંમત ઓક્ટોબર મહિનામાં માત્ર અગિયાર દશાંશ બાવીસ ડોલર પ્રતિ એમએમબીટીયુ હતી. એટલે કે ગ્રીન હાઈડ્રોજન સ્થાનિક ગેસ કરતા લગભગ બે દશાંશ સાત ગણો મોંઘો છે. આટલો મોંઘો ગેસ પાંચ ટકા ભેળવવાથી પણ પીએનજીના ભાવમાં નોંધપાત્ર વધારો થશે. હાલમાં દિલ્હીમાં ગ્રાહકો પ્રતિ સ્ટાન્ડર્ડ ક્યુબિક મીટર પચાસ દશાંશ ઓગણસાઠ રૂપિયા ચૂકવી રહ્યા છે તેમાં હજુ વધારો થશે.

સુરક્ષા અને અમલીકરણને ધ્યાનમાં રાખીને પીએનજીઆરબીએ આ ગાઈડલાઈન્સમાં કેટલાક કડક નિયમો મૂક્યા છે. આ મુસદ્દા મુજબ કોઈ પણ ગેસ વિતરણ કંપની જો પાંચ ટકા હાઈડ્રોજન ભેળવવા માંગતી હોય તો તેણે સીધું ભેળવી શકાશે નહીં. તેના માટે તેણે પીએનજીઆરબીને વિગતવાર અરજી કરવી પડશે. તે અરજી સાથે ડિટેઈલ્ડ સેફ્ટી એન્ડ રેડીનેસ રિપોર્ટ એટલે કે સલામતી અને તૈયારી અંગેનો સંપૂર્ણ અહેવાલ જોડવો પડશે. આ ઉપરાંત કંપનીએ એક સ્વતંત્ર નિષ્ણાંત એજન્સીની નિમણૂક કરવી પડશે જે તેની પાઈપલાઈન, સ્ટોરેજ અને વિતરણ વ્યવસ્થાની સુરક્ષા અને કાર્યક્ષમતાની સમીક્ષા કરશે. તમામ મંજૂરીઓ મળ્યા પછી અને પ્રિ સ્ટાર્ટ સેફ્ટી ચેક સફળ થયા પછી જ મિશ્રણ શરૂ કરી શકાશે. એટલું જ નહીં હાઈડ્રોજનનું મિશ્રણ ગમે ત્યાં નહીં પરંતુ નાના અને સ્પષ્ટ રીતે નિર્ધારિત કરેલા પાઈપલાઈનના સેક્શનમાં જ એક જ પોઈન્ટ પરથી કરવાનું રહેશે જેથી કોઈ લીકેજ થાય તો તેને તરત જ નિયંત્રિત કરી શકાય.

સૌથી મહત્વની બાબત એ છે કે આ મિશ્રણ હાલ પૂરતું માત્ર ઘરગથ્થુ ગ્રાહકો માટે જ મર્યાદિત રાખવામાં આવ્યું છે. વાહનોમાં વપરાતા સીએનજીમાં કે હોટલ રેસ્ટોરન્ટ અને ઉદ્યોગોમાં વપરાતા કોમર્શિયલ પીએનજીમાં આ પ્રકારનું બ્લેન્ડિંગ કરવાની મંજૂરી આપવામાં આવી નથી. તેના માટે અલગથી વિચારણા કરવામાં આવશે. આનો અર્થ એ થયો કે સરકાર પહેલા ઘરના રસોડામાં તેની સફળતા અને સુરક્ષા ચકાસવા માંગે છે.

આમ જોવા જઈએ તો આ નિર્ણયના બે પાસા છે. એક તરફ તે ભારતને સ્વચ્છ ઉર્જા લક્ષ્યાંક તરફ લઈ જશે અને આયાત પરની નિર્ભરતા ઘટાડશે જે લાંબા ગાળે દેશના અર્થતંત્ર માટે ફાયદાકારક છે. પરંતુ બીજી તરફ તેની તાત્કાલિક કિંમત સામાન્ય માણસે ચૂકવવી પડશે. મોંઘી પાઈપલાઈન, મોંઘો હાઈડ્રોજન અને મોંઘી સલામતી વ્યવસ્થાનો બધો જ બોજ આખરે રસોડાના બિલમાં ઉમેરાશે. આ ગાઈડલાઈન્સ અંગે હિતધારકો પાસેથી અગિયાર નવેમ્બર સુધી સૂચનો મંગાવવામાં આવ્યા છે ત્યારે ગેસ કંપનીઓ અને ગ્રાહક સંગઠનો આ વધારાના ખર્ચની વહેંચણી કેવી રીતે થશે તે અંગે સ્પષ્ટતા માંગે તે સ્વાભાવિક છે. જો આ ખર્ચ ગ્રાહકો પર નાખવામાં આવશે તો પીએનજી જેને અત્યાર સુધી એલપીજી કરતા સસ્તો અને સુરક્ષિત વિકલ્પ માનવામાં આવતો હતો તેની સસ્તાઈનું સમીકરણ બદલાઈ જશે.

**રસોઈ માટે પીએનજીનો ઉપયોગ કરતા ગ્રાહકો એમ માને છે કે તેઓ ફાયદામાં છે કારણકે બાટલા બદલવાની ઝંઝટમાંથી મુક્તિ મળી છે. પરંતુ હવે આમાં હાઇડ્રોજન ઉમેરવામાં આવશે. હાઇડ્રોજન જોખમી વાયુ છે. પણ તેનું પ્રમાણ માત્ર પાંચ ટકા હોવાથી જોખમી નહીં બને.**

## શબ્દ સંજોગ-૨૨૮૪



**આડી ચાવી :**

(૧) પહેલુ, મુખ્ય (૩)
(૪) ઉત્તમતા, શ્રેષ્ઠતા (૪)
(૭) આનંદ (૩)
(૮) એક ફિલ્મી અભિનેત્રી (૨)
(૯) કપડુ,વસ્ત્ર (૩)
(૧૧) નેત્ર, નયન (૨)
(૧૨) આબરૂ (૨)
(૧૩) ગાડુ (આ-અ) (૩)
(૧૫) મર્યાદા, સીમા (૨)
(૧૬) બોલે એના...વેચાય (૨)
(૧૭) મીઠું (૩)
(૧૯) ક્રિકેટમાં જીત મેળવવા જોઈએ (૨)
(૨૨) બાર માસનો સમય (૩)
(૨૫) મહાન-મોટો રાજા (૪)
(૨૮) વધારે ઓછુ-ઉતરતુ (૪)
(૩૦) તમોગુણ (૩)

**ઉભી ચાવી :**

(૧) ગૌતમ ઋષિની પત્ની (૩)
(૨) ઉત્તમ, વરરાજા (૨)
(૩) પુષ્કળ,બેશુમાર (૪)
(૫) ......જણાવ્યા વગર આવે તે અતિથિ (૨)
(૬) એક ફૂલ (૩)
(૧૦) પર્વત, પહાડ (૩)
(૧૧) ભારતનો પાડોશી દેશ (૩)
(૧૨) મુખ (૩)
(૧૪) જકાત,હાંસલ (૨)
(૧૫) હરેક ક્ષણ (૪)
(૧૬) ઉપદેશ, જ્ઞાન (૨)
(૧૮) જંગલ (૨)
(૨૦) જનાવર, કસરત વગેરેના ખેલનો તમાસો (૪)
(૨૧) ઝડપ, ગતિ (૩)
(૨૩) સંગીતનો એક અલંકાર (૨)
(૨૪) વડોદરા જિલ્લામાં આવેલુ એક તીર્થ સ્થાન (૨)
(૨૬) સ્થિતિ, દશા (૨)
(૨૭) ........લખવાનુ કે (૨)
(૨૮) એક તેજાનો (૨)

## શબ્દ સંજોગ-૨૨૮૩ જવાબ

**આડી ચાવી:** (૧) ગઠડી (૩) ગ્રહદાન (૬) જગ (૭) વાહક (૮) હેમ (૧૦) શરણ (૧૧) હેરત (૧૨) પારસ (૧૩) મત (૧૪) પરબ (૧૫) સમ (૧૬) અલી (૧૭) તરફ (૧૯) ધામ (૨૦) લવ (૨૨) દરદ (૨૪) દાદ (૨૬) ખાસ (૨૭) જવ (૨૮) વાસ (૨૯) મોર (૩૦) આન (૩૧) હદ. **ઉભી ચાવી:** (૧) ગજર (૨) ઠગ (૩) ગ્રહણ (૪) હક (૫) નહેર (૭) વારસ (૯) મતવાલી (૧૦) શરબત (૧૧) હેત (૧૨) પાર (૧૩) મમ (૧૪) પટેલ (૧૫) સફરજન (૧૬) અમદાવાદ (૧૮) રદ (૨૧) વખાર (૨૩) દવ (૨૫) દસ.

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

### રાજકોટ

| | | |
|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૭૩૩ | ૧૯૮૪ |
| ઘઉં લોકવન | ૫૬૬ | ૬૩૬ |
| ઘઉં ટુકડા | ૫૭૦ | ૭૪૯ |
| જુવાર સફેદ | ૧૩૧૧ | ૧૬૦૦ |
| જુવાર લાલ | ૯૫૦ | ૧૦૭૫ |
| બાજરી | ૪૫૮ | ૪૯૨ |
| મકાઇ | ૪૯૧ | ૪૯૧ |
| તુવેર | ૧૪૮૦ | ૨૦૦૦ |
| ચણા પીળા | ૧૨૧૦ | ૧૪૭૦ |
| ચણા સફેદ | ૧૪૦૦ | ૨૨૧૫ |
| અડદ | ૧૫૦૦ | ૨૦૭૧ |
| મગ | ૧૧૮૦ | ૧૮૧૮ |
| વાલ દેશી | ૧૨૫૦ | ૧૬૭૫ |
| ચોળી | ૧૦૧૦ | ૨૧૦૧ |
| વટાણા | ૭૮૦ | ૧૧૦૬ |
| સીંગદાણા | ૧૭૦૦ | ૨૦૦૦ |
| મગફળી જાડી | ૧૨૧૦ | ૧૬૯૮ |
| મગફળી જીણી | ૧૨૫૫ | ૧૭૩૯ |
| તલી | ૨૩૦૦ | ૩૨૨૦ |
| સુરજમુખી | ૧૫૯૯ | ૧૫૯૯ |
| એરંડા | ૧૨૦૦ | ૧૬૦૦ |
| અજમો | ૧૦૦૦ | ૩૧૩૧ |
| સોયાબીન | ૧૩૪૦ | ૧૫૮૦ |
| સીંગફાડા | ૧૬૫૦ | ૧૮૪૫ |
| કાળા તલ | ૨૬૫૦ | ૪૦૦૧ |
| લસણ | ૧૦૪૦ | ૨૪૬૦ |
| ધાણા | ૨૮૨૦ | ૩૧૩૧ |
| મરચા સુકા | ૩૨૦૦ | ૫૫૦૦ |
| ધાણી | ૨૮૫૦ | ૩૨૦૦ |
| વરીયાળી | ૧૫૦૦ | ૨૩૪૦ |
| જીરૂ | ૪૭૫૧ | ૫૩૨૦ |
| રાય | ૧૫૫૦ | ૨૦૦૪ |
| મેથી | ૯૦૦ | ૧૮૧૮ |
| ઇસબગુલ | ૧૫૫૦ | ૨૮૦૦ |
| અશેરીયો | ૧૫૧૬ | ૧૫૧૬ |
| કલોંજી | ૪૪૦૦ | ૫૨૩૦ |
| રાયડો | ૧૪૫૦ | ૧૭૦૦ |
| રજકાનું બી | ૬૫૦૦ | ૭૮૦૦ |
| ગુવારનું બી | ૧૪૭૫ | ૧૬૮૦ |

### રાજકોટ (શાકભાજી)

| | | |
|---|---|---|
| લીંબુ | ૧૫૨૪ | ૩૦૩૯ |
| પપૈયા | ૧૪૮ | ૩૦૫ |
| બટેટા | ૩૧૧ | ૩૪૨ |
| ડુંગળી સુકી | ૩૪૧ | ૮૮૧ |
| ટમેટા | ૧૭૯ | ૩૮૫ |
| સુરણ | ૪૧૧ | ૬૦૨ |
| કોથમરી | ૯૮૬ | ૧૨૧૦ |
| મુળા | ૨૮૯ | ૪૯૩ |
| રીંગણા | ૧૯૧ | ૩૫૪ |
| કોબીજ | ૯૧ | ૧૩૬ |
| ફ્લાવર | ૧૯૪ | ૨૮૯ |
| ભીંડો | ૩૧૬ | ૭૯૦ |
| ગુવાર | ૭૭૨ | ૧૧૧૪ |
| ચોળાસીંગ | ૩૦૭ | ૫૨૨ |
| વાલોળ | ૫૮૮ | ૭૭૬ |
| ટીંડોળા | ૨૧૪ | ૫૯૩ |
| દુધી | ૧૧૦ | ૧૪૮ |
| કારેલા | ૧૮૧ | ૩૧૧ |
| સરગવો | ૬૨૧ | ૧૧૯૦ |
| તુરીયા | ૩૧૧ | ૬૨૨ |
| પરવર | ૪૧૫ | ૭૨૧ |
| કાકડી | ૨૮૮ | ૮૮૭ |
| ગાજર | ૨૭૫ | ૪૫૭ |
| વટાણા | ૧૯૯૬ | ૩૦૧૨ |
| તુવેરસીંગ | ૪૯૨ | ૭૬૬ |
| કંટોળા | ૧૬૧૫ | ૨૦૨૫ |
| ગલકા | ૨૦૯ | ૩૮૭ |
| બીટ | ૩૧૧ | ૫૯૨ |
| મેથી | ૮૨૫ | ૧૫૯૫ |
| વાલ | ૭૮૯ | ૧૨૧૬ |
| ડુંગળી લીલી | ૨૪૨ | ૩૯૬ |
| આદુ | ૧૨૩૬ | ૩૦૧૨ |
| મરચા લીલા | ૨૯૦ | ૮૪૭ |
| હળદર લીલી | ૪૧૫ | ૬૧૪ |
| લસણ લીલું | ૨૦૨૮ | ૩૦૨૮ |
| મગફળી લીલી | ૫૧૧ | ૮૨૧ |
| મકાઇ લીલી | ૧૪૨ | ૨૭૮ |

### ગોંડલ

| | | |
|---|---|---|
| કપાસ | ૧૧૫૧ | ૧૯૩૧ |
| ઘઉં લોકવન | ૫૫૦ | ૬૫૦ |
| ઘઉં ટુકડા | ૫૨૦ | ૮૫૦ |
| સિંગદાણા જાડા | ૧૬૦૦ | ૧૯૯૧ |
| સિંગ ફાડીયા | ૧૦૬૧ | ૧૯૫૧ |
| એરંડા/એરંડી | ૧૧૫૧ | ૧૬૯૧ |
| જીરૂ | ૨૦૦૦ | ૫૨૭૧ |
| ધાણા | ૨૯૦૧ | ૩૩૩૧ |
| ડુંગળી લાલ | ૧૭૧ | ૯૭૧ |
| અડદ | ૧૦૦૦ | ૧૯૪૧ |
| તુવેર | ૮૦૧ | ૨૦૦૧ |
| રાયડો | ૧૩૫૧ | ૧૫૬૧ |
| મેથી | ૧૦૫૧ | ૧૫૫૧ |
| કાંગ | ૫૦૦ | ૮૮૧ |
| ધાણી | ૩૦૦૧ | ૩૩૯૧ |
| બાજરો | ૪૭૧ | ૪૮૧ |
| જુવાર | ૧૩૫૧ | ૧૫૨૧ |
| મકાઇ | ૪૭૧ | ૫૫૧ |
| મગ | ૭૨૬ | ૧૭૨૬ |
| વાલ | ૧૦૦૦ | ૧૩૮૧ |
| ગોગળી | ૯૯૧ | ૧૪૬૧ |
| વટાણા | ૪૩૧ | ૯૫૧ |

### ગોંડલ (શાકભાજી)

| | | |
|---|---|---|
| ટમેટા | ૧૪૦ | ૫૦૦ |
| મરચા | ૨૦૦ | ૧૪૦૦ |
| ગુવાર | ૨૦૦ | ૧૫૦૦ |
| કોબી | ૮૦ | ૨૪૦ |
| દુધી | ૮૦ | ૨૬૦ |
| ફ્લાવર | ૪૦ | ૫૦૦ |
| કાકડી | ૨૦૦ | ૧૪૦૦ |
| રીંગણા | ૪૦ | ૩૦૦ |
| ભીંડો | ૨૦૦ | ૯૦૦ |
| ગલકા | ૧૦૦ | ૮૦૦ |
| ગાજર | ૨૦૦ | ૮૦૦ |
| ટિંડોરા | ૨૦૦ | ૮૦૦ |
| તુવેર | ૨૦૦ | ૧૪૦૦ |
| વાલ | ૨૦૦ | ૧૬૦૦ |
| વટાણા | ૨૦૦૦ | ૨૮૦૦ |
| કેરી કાચી | ૨૦૦૦ | ૨૪૦૦ |
| બટેટા | ૨૦૦ | ૨૮૦ |
| અંબાળા | ૫૦૦ | ૮૦૦ |
| લીલી હળદર | ૮૦૦ | ૧૦૦૦ |
| ડુંગળી પુરા | ૫ | ૧૨ |
| તાંજરીયા પુરા | ૩ | ૮ |
| કોથમીર પુરા | ૪ | ૯ |
| કાચા કેળા | ૨૦૦ | ૩૦૦ |
| ચુરણ | ૨૦૦ | ૮૦૦ |
| ઘીસોડા | ૨૦૦ | ૮૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૨૪૦૦ |
| મેથી પુરા | ૫ | ૨૪ |
| બીટ પુરા | ૧૦ | ૧૫ |
| સરગવો પુરા | ૧૦ | ૩૦ |
| ચોરા | ૨૦૦ | ૯૦૦ |
| કારેલા | ૨૦૦ | ૬૦૦ |
| વાલોર | ૨૦૦ | ૧૦૦૦ |
| મગફળી લીલી | ૮૦૦ | ૯૦૦ |
| આદુ | ૨૦૦ | ૧૬૦૦ |
| મકાઈ ડોડા | ૨૦૦ | ૪૦૦ |
| લસણ પુરા | ૧૦ | ૧૪ |
| પાલક પુરા | ૨ | ૬ |

### અમરેલી

| | | |
|---|---|---|
| શિંગ ગીરનાર | ૧૦૪૫ | ૧૬૦૫ |
| શિંગ મોટી | ૧૨૦૦ | ૧૬૧૫ |
| શિંગદાણા ફાડા | ૧૪૧૫ | ૧૬૬૦ |
| તલ સફેદ | ૨૬૮૦ | ૩૭૯૦ |
| તલ કાળા | ૨૫૦૦ | ૪૨૧૫ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૭૨૫ |
| ઘઉં લોકવન | ૫૪૫ | ૫૯૦ |
| અડદ | ૧૨૦૦ | ૨૧૧૫ |
| ચણા | ૧૦૫૦ | ૧૪૫૦ |
| સફેદ ચણા | ૧૪૫૦ | ૧૪૫૦ |
| તુવેર | ૧૧૫૦ | ૧૮૯૦ |
| કપાસ | ૧૦૯૦ | ૧૯૭૫ |
| એરંડા | ૧૪૦૦ | ૧૫૭૦ |
| જીરૂ | ૩૧૦૦ | ૫૧૦૦ |
| ધાણી | ૨૫૦૦ | ૩૩૪૦ |
| સોયાબીન | ૯૬૦ | ૧૫૦૦ |
| રજકાનુ બી | ૪૫૦૦ | ૬૦૦૦ |
| છોલે ચણા | ૧૭૦૦ | ૨૦૧૦ |
| જુવાર | ૧૦૨૦ | ૧૪૪૦ |
| બાજરો | ૩૩૫ | ૫૧૫ |

### અમરેલી (શાકભાજી)

| | | |
|---|---|---|
| બટેટા | ૧૩૦ | ૨૭૦ |
| રીંગણા | ૧૫૦ | ૪૦૦ |
| ફ્લાવર | ૨૨૦ | ૩૨૦ |
| કોબીજ | ૧૫૦ | ૨૦૦ |
| શકકરીયા | ૬૦૦ | ૮૦૦ |
| ટમેટાં | ૩૦૦ | ૩૬૦ |
| સુરણ | ૯૫૦ | ૧૦૩૦ |
| ગાજર | ૫૦૦ | ૬૦૦ |
| દુધી | ૧૪૦ | ૨૦૦ |
| કારેલા | ૪૦૦ | ૫૦૦ |
| ગલકા | ૩૨૦ | ૪૩૦ |
| મૂળા | ૧૬૦ | ૨૧૦ |
| કાકડી | ૪૦૦ | ૭૦૦ |
| ગુવાર | ૬૦૦ | ૧૨૦૦ |
| વાલોળ | ૭૦૦ | ૮૩૦ |
| વટાણા | ૨૬૦૦ | ૨૮૦૦ |
| ચોળા લીલા | ૩૦૦ | ૪૦૦ |
| તુરીયા | ૫૦૦ | ૬૦૦ |
| વાલ | ૧૦૦૦ | ૧૧૦૦ |
| ભીંડો | ૫૦૦ | ૬૦૦ |
| આદુ | ૧૨૦૦ | ૧૩૦૦ |
| કોથમીર | ૬૦૦ | ૧૦૦૦ |
| મેથીભાજી | ૧૨૦૦ | ૧૩૦૦ |
| ફોદીનો | ૯૦૦ | ૧૦૦૦ |
| ટીંડોરા | ૪૦૦ | ૫૦૦ |
| બીટ | ૫૮૦ | ૬૮૦ |
| સરગવો | ૧૨૦૦ | ૧૩૦૦ |
| લીમડો મીઠો | ૧૫૦ | ૧૯૦ |
| મરચાં લીલાં | ૫૦૦ | ૧૦૦૦ |
| મરચાં લાલ | ૩૦૦ | ૫૫૦ |
| ડુંગળી લીલી | ૩૨૦ | ૪૩૦ |
| ડુંગળી સુકી | ૭૦૦ | ૯૦૦ |
| લસણ લીલું | ૧૪૦૦ | ૨૨૦૦ |
| લસણ સુકું | ૧૫૦૦ | ૨૩૮૦ |
| પાલક | ૫૫૦ | ૬૮૦ |
| લીંબુ | ૧૦૦૦ | ૨૦૦૦ |
| મકાઈ | ૨૫૦ | ૩૫૦ |
| ચીભડા | ૫૨૦ | ૭૮૦ |
| લીલીતુવેર | ૬૦૦ | ૭૦૦ |

### સાવરકુંડલા

| | | |
|---|---|---|
| શીંગ જીણી | ૧૩૦૦ | ૧૭૭૫ |
| શીંગ મોટી | ૧૩૨૦ | ૧૭૧૧ |
| તલ સફેદ | ૨૫૦૦ | ૩૦૫૦ |
| તલ કાળા | ૩૧૨૫ | ૪૦૨૨ |
| જીરૂ | ૪૫૫૦ | ૫૧૦૦ |
| કપાસ | ૧૯૦૦ | ૧૯૭૦ |
| ઘઉં લોકવન | ૫૪૦ | ૫૮૦ |
| ઘઉં ટુકડા | ૫૫૦ | ૬૨૨ |
| બાજરો | ૪૦૦ | ૫૨૦ |
| જુવાર | ૯૦૦ | ૧૩૧૦ |
| ચણા | ૧૨૨૫ | ૧૫૨૫ |
| દેશી ચણા | ૧૨૦૦ | ૧૪૩૦ |
| તુવેર | ૧૫૦૦ | ૧૮૫૧ |
| સોયાબીન | ૧૨૫૦ | ૧૪૨૫ |
| અડદ | ૧૪૦૦ | ૧૬૦૦ |

### ધારી

| | | |
|---|---|---|
| કપાસ | ૧૭૬૧ | ૧૯૬૧ |
| મગફળી | ૧૩૧૦ | ૧૪૯૦ |
| ઘઉં | ૫૦૦ | ૫૦૫ |
| ચણા | ૯૬૫ | ૧૪૦૧ |
| તુવેર | ૧૭૫૫ | ૧૭૫૫ |
| ધાણા | ૨૯૦૦ | ૨૯૫૦ |
| એરંડા | ૧૪૨૫ | ૧૪૨૫ |
| વાલ | ૫૦૦ | ૭૦૦ |
| તલ સફેદ | ૨૪૨૦ | ૨૪૨૦ |
| તલ કાળા | ૩૦૨૦ | ૩૦૨૦ |

### બગસરા

| | | |
|---|---|---|
| કપાસ | ૧૮૯૦ | ૧૯૭૭ |
| ઘઉં લોકવન | ૪૮૦ | ૫૩૦ |
| ઘઉં ટુકડા | ૫૦૮ | ૫૦૮ |
| તલ કાળા | ૩૫૪૫ | ૩૫૪૫ |
| મગફળી | ૧૦૧૫ | ૧૪૫૧ |
| ચણા | ૧૦૫૦ | ૧૩૭૫ |
| મકાઈ | ૪૪૦ | ૪૪૦ |
| લસણ | ૭૩૫ | ૭૩૫ |
| સોયાબીન | ૧૨૦૧ | ૧૩૬૧ |
| મગ | ૧૬૨૫ | ૧૬૨૫ |
| શીંગદાણા | ૧૭૯૦ | ૧૭૯૦ |
| તલ સફેદ | ૩૧૦૦ | ૩૧૦૦ |
| તુવેર | ૧૫૯૦ | ૧૫૯૦ |
| બાજરો | ૪૦૫ | ૪૦૫ |

### બાબરા

| | | |
|---|---|---|
| કપાસ | ૧૮૪૦ | ૧૯૭૫ |
| કપાસ મીડીયમ | ૧૭૫૦ | ૧૮૦૦ |
| મગફળી | ૧૪૨૦ | ૧૫૯૫ |
| જીરૂ | ૪૭૫૦ | ૫૩૯૫ |
| ચણા | ૧૨૭૦ | ૧૩૩૦ |
| ઘઉં | ૫૨૧ | ૫૮૫ |
| મગ | ૧૪૮૦ | ૧૬૭૫ |
| સોયાબીન | ૧૩૪૦ | ૧૩૬૫ |
| અડદ | ૧૭૩૦ | ૧૮૪૫ |
| તલ સફેદ | ૨૮૪૦ | ૩૧૪૦ |
| તલ કાળા | ૩૨૧૦ | ૩૯૫૦ |

### ભેંસાણ

| | | |
|---|---|---|
| કપાસ | ૧૦૦૧ | ૨૦૨૬ |
| ઘઉં | ૫૦૧ | ૫૭૦ |
| ચણા | ૧૦૦૧ | ૧૪૭૬ |
| અડદ | ૧૨૦૧ | ૧૮૨૧ |
| તુવેર | ૧૧૦૧ | ૧૯૧૬ |
| મગફળી | ૭૦૧ | ૧૫૪૬ |
| શિંગફાડા | ૧૫૭૬ | ૧૫૭૬ |
| તલ સફેદ | ૨૦૦૧ | ૨૮૯૧ |
| તલ કાળા | ૨૧૦૧ | ૩૯૭૧ |
| જીરૂ | ૫૧૨૧ | ૫૧૨૧ |
| ધાણા | ૨૦૦૦ | ૩૧૫૬ |
| લસણ | ૧૦૦૧ | ૧૦૦૧ |
| સોયાબીન | ૯૦૧ | ૧૫૨૫ |

### કોડીનાર

| | | |
|---|---|---|
| મગફળીનવી | ૧૩૨૫ | ૧૬૧૬ |
| બાજરી હાઈબ્રીડ | ૪૨૫ | ૫૨૬ |
| ઘઉં | ૪૬૫ | ૬૧૫ |
| જુવાર | ૧૦૫૦ | ૧૩૬૦ |
| અડદ | ૧૧૫૦ | ૨૦૬૫ |
| ચણા | ૧૧૦૦ | ૧૪૨૮ |
| સોયાબીન | ૧૧૭૨ | ૧૪૨૯ |
| કપાસ | ૧૬૦૦ | ૧૭૯૫ |
| સફેદ તલ | ૧૮૫૦ | ૩૧૩૦ |
| કાળા તલ | ૨૫૦૦ | ૩૯૦૦ |

### જામનગર

| | | |
|---|---|---|
| જુવાર | ૯૦૦ | ૧૦૦૦ |
| બાજરી | ૪૬૦ | ૪૮૪ |
| ઘઉં | ૫૨૬ | ૫૯૦ |
| અડદ | ૧૫૦૦ | ૨૦૨૦ |
| તુવેર | ૧૫૦૦ | ૧૭૦૦ |
| ચણા | ૧૩૪૫ | ૧૪૮૪ |
| ચણા સફેદ | ૧૬૫૦ | ૨૧૦૦ |
| મગફળી જીણી | ૧૧૫૦ | ૧૭૧૦ |
| મગફળી જાડી | ૧૨૦૦ | ૧૫૮૦ |
| મગફળી 66 NUM | ૧૪૦૦ | ૨૪૦૦ |
| એરંડા | ૧૫૦૦ | ૧૬૬૮ |
| તલી | ૨૭૭૫ | ૩૦૫૦ |
| તલ કાળા | ૩૨૦૦ | ૩૭૦૦ |
| લસણ | ૮૦૦ | ૨૨૫૦ |
| કપાસ | ૧૭૦૦ | ૨૦૦૦ |
| જીરૂ | ૪૫૦૦ | ૫૨૦૫ |
| અજમો | ૩૩૪૦ | ૪૭૪૦ |
| અજમાની ભૂસી | ૧૦૦ | ૩૪૬૫ |
| ડુંગળી સુકી | ૩૦૦ | ૯૨૫ |
| સોયાબીન | ૧૧૦૫ | ૧૪૨૫ |
| રાજમા | ૧૫૦૦ | ૧૭૮૦ |

### મોટા લીલીયા

| | | |
|---|---|---|
| કપાસ | ૧૯૦૭ | ૧૯૫૨ |

### રાજુલા

| | | |
|---|---|---|
| શીંગ | ૧૨૧૨ | ૧૪૮૬ |
| તલ સફેદ | ૩૦૦૦ | ૩૨૦૦ |
| કપાસ | ૧૭૦૦ | ૧૯૨૦ |
| બાજરો | ૪૩૧ | ૫૯૪ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૬૦૬ |
| જુવાર | ૯૨૬ | ૧૫૫૧ |
| મકાઈ | ૫૭૫ | ૬૨૦ |
| મગ | ૧૫૦૧ | ૧૫૦૧ |
| ચણા | ૧૩૫૧ | ૧૫૫૧ |
| સોયાબીન | ૧૩૪૦ | ૧૩૭૬ |
| કાંગ | ૭૦૦ | ૭૦૦ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# રાજકોટમાં ખોડલધામ ટ્રસ્ટ અને સરદાર પટેલ કલ્ચરલ ફાઉન્ડેશન દ્વારા અત્યાધુનિક SPCF સેન્ટર શરૂ



રાજકોટ,તા.૨૧

રાજકોટના ન્યૂ માયાણીનગર ખાતે ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ અને સરદાર પટેલ કલ્ચરલ ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે અત્યાધુનિક 'SPCF ડાયગ્નોસ્ટિક સેન્ટર' શરૂ થયું છે.

દશેરાના પાવન દિવસે ખોડલધામના ચેરમેન નરેશભાઈ પટેલના હસ્તે તેનું ઉદ્ઘાટન કરાયું હતું. આગામી ૩૧ ઓક્ટોબર, સરદાર જયંતીથી સર્વ સમાજના લોકો માટે અહીં રાહતદરે સેવાઓ ઉપલબ્ધ બનશે. સેન્ટરમાં કાર્ડિયોલોજી, રેડિયોલોજી અને પેથોલોજી વિભાગ હેઠળ TMT, ECG, ડિજિટલ X-Ray, મેમોગ્રાફી, સોનોગ્રાફી તેમજ બ્લડ ટેસ્ટ માટેના આધુનિક મશીનો વસાવવામાં આવ્યા છે. દર્દીઓ માટે હોમ સેમ્પલ કલેક્શનની સુવિધા પણ રાખવામાં આવી છે.

સામાન્ય નાગરિકોને ગુણવત્તાયુક્ત અને વાજબી દરે નિદાન મળે તેવા આશય સાથે શરૂ થયેલા આ સેન્ટરના ઉદ્ઘાટનમાં ટ્રસ્ટીઓ, દાતાઓ, તબીબો અને અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# PGVCL દ્વારા વીજ ગ્રાહકો માટે FPPAS ફ્યુઅલ સરચાર્જના નવા દર જાહેર કરાયા

**કૃષિ સિવાયના ગ્રાહકો માટે યુનિટ દીઠ રૂ.૨.૪૫ બેઝ અને ૩.૯૯% વેરિયેબલ ચાર્જ વસૂલાશે**




રાજકોટ,તા.૨૧

પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ (PGVCL) ના કોર્પોરેટ ઓફિસ, રાજકોટ દ્વારા વીજ વપરાશકારો માટે ફ્યુઅલ એન્ડ પાવર પર્ચેઝ એડજસ્ટમેન્ટ સરચાર્જ (FPPAS) ના નવા દરો અંગેનો પરિપત્ર બહાર પાડવામાં આવ્યો છે. પરિપત્ર મુજબ, નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ ના પ્રથમ ત્રિમાસિક ગાળા (જુલાઈ ૨૦૨૬ થી શરૂ થતાં વપરાશ) માટે કૃષિ સિવાયના તમામ શ્રેણીના વીજ ગ્રાહકો પાસેથી યુનિટ દીઠ રૂ.૨.૪૫ નો બેઝ FPPAS ચાર્જ તથા ૩.૯૯% વેરિયેબલ FPPAS વસૂલવાનો નિર્ણય લેવાયો છે. અગાઉ ૧ ઓગસ્ટ ૨૦૨૬ ના પત્ર મુજબ એપ્રિલ ૨૦૨૬ થી કૃષિ સિવાયના ગ્રાહકો માટે યુનિટ દીઠ રૂ.૨.૩૦ FPPAS વસૂલવામાં આવી રહ્યો હતો. હવે ૧ જુલાઈ ૨૦૨૬ અને ત્યાર પછીના વીજ વપરાશ માટે નવી સૂચના ન મળે ત્યાં સુધી આ નવા દર (રૂ.૨.૪૫ બેઝ + ૩.૯૯% વેરિયેબલ) લાગુ રહેશે. ગુજરાત સરકાર દ્વારા ડિસ્કોમને કૃષિ વપરાશ પર સબ્સિડી આપવામાં આવતી હોવાથી ખેતીવાડી ક્ષેત્રના ગ્રાહકોને આ સરચાર્જમાંથી મુક્તિ આપવામાં આવી છે. PGVCL મેનેજિંગ ડિરેક્ટર દ્વારા આ અંગેના જરૂરી આદેશો વર્તુળ કચેરીઓ, વિભાગીય કચેરીઓ અને સબ ડિવિઝન કચેરીઓને જારી કરવામાં આવ્યા છે.

# ઉનાના ગરાળ ગામ ખાતે સરસ્વતી સન્માન સમારોહ-૨૦૨૬ યોજાયો



ઉના,તા.૨૧

ઉના તાલુકાના ગરાળ મુકામે ક્ષત્રિય ગરાસિયા રાજપૂત સમાજ દ્વારા સરસ્વતી સન્માન સમારોહ-૨૦૨૬નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઉનાના ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. સમાજના આગેવાનો દ્વારા તેમનું ફૂલહાર પહેરાવી અને મોમેન્ટો અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું. સમારોહમાં શિક્ષણ ક્ષેત્રે સિદ્ધિ મેળવનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. સમાજમાં શિક્ષણનું મહત્વ વધે અને વિદ્યાર્થીઓ વધુ પ્રગતિ કરે તેવા હેતુથી કાર્યક્રમ યોજાયો હતો. જેમાં સમાજના આગેવાનો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# અમરેલીમાં સારહિ યુથ ક્લબ દ્વારા શેરી ગરબીના આયોજકોને પ્રોત્સાહિત કરાયા



અમરેલી,તા.૨૧

અમરેલીમાં સારહિ યુથ ક્લબ દ્વારા પ્રમુખ મુકેશભાઈ સંઘાણીના માર્ગદર્શન હેઠળ વિવિધ શેરી ગરબીઓની મુલાકાત લેવામાં આવી હતી. ક્લબના સભ્યોએ આયોજકોને પ્રોત્સાહિત કરી માતાજીને પ્રસાદ ધરાવ્યો અને સન્માનપત્ર અર્પણ કર્યા હતા. શસ્ત્રપૂજન કરી પ્રાચીન પરંપરા અને શક્તિ ઉપાસનાના સંસ્કારોને ઉજાગર કર્યા હતા.ક્લબ દ્વારા શેરી ગરબીના આયોજકોને નવરાત્રીની પવિત્રતા જાળવવા અને ફિલ્મી ગીતોને બદલે પરંપરાગત ગરબા, ભક્તિગીતો તથા રાસ-ગરબાને પ્રાધાન્ય આપવા અપીલ કરવામાં આવી હતી. સંસ્કૃતિ અને પરંપરાનું જતન સમગ્ર સમાજની સહિયારી જવાબદારી હોવાનું જણાવાયું હતું. યુવા પેઢી સુધી આ વારસો પહોંચે તે માટે સૌને સહયોગ આપવા અનુરોધ કર્યો હતો. આ આયોજનમાં દિલીપસિંહ ઠાકોર, સુરેશભાઈ શેખવા, સાગર ગેડિયા, નિખિલભાઈ આસર, પ્રશાંત પરમાર, અજય રાઠોડ, હિતેશભાઈ મહેતા સહિત ક્લબના સભ્યોએ જહેમત ઉઠાવી હતી.

# ગોંડલના ભુવનેશ્વરી માતાજી મંદિરે છપ્પન ભોગ અન્નકૂટ અને મહાઆરતી યોજાઈ


તસવીર : ભોજાણી દેવાંગ

ગોંડલ,તા.૨૧

નવરાત્રીના આઠમા નોરતે ગોંડલના સુપ્રસિધ્ધ ભુવનેશ્વરી માતાજી મંદિરે છપ્પન ભોગ અન્નકૂટ અને મહાઆરતીનો ભવ્ય ઉત્સવ યોજાયો હતો. અનિલાબેન વ્યાસના માર્ગદર્શન હેઠળ આયોજિત કાર્યક્રમમાં આયુષિબેન વ્યાસ સહિત મહિલા મંડળની બહેનોએ સહયોગ આપ્યો હતો. માતાજીને મીઠાઈ, ફરસાણ અને ફળફળાદિનો અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. મહાઆરતીમાં મોટી સંખ્યામાં ભક્તો જોડાયા હતા. દેશ-વિદેશના માઈભક્તોએ દર્શન કરી પરિવારની સુખ, શાંતિ અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી હતી. સમગ્ર મંદિર પરિસર ભક્તિમય વાતાવરણથી ગુંજી ઉઠયું હતું.

# કોડીનારની ગિરએક્સ પર્ફોર્મન્સ એકેડેમીના ત્રણ તરવૈયાઓની ખેલ મહાકુંભમાં સિદ્ધિ

**૧૦૦ મીટર મુક્તશૈલી તરવાની સ્પર્ધામાં અલ્હાન રાજાવાડા પ્રથમ, અક્ષાબેન ચાવડા દ્વિતીય અને વિવાન વાળા તૃતીય સ્થાને**


તસવીર : ધર્મેશ પાઠક

કોડીનાર,તા.૨૧

કોડીનારના નગરપાલિકા સ્ટેડિયમ ખાતે કાર્યરત ગિરએક્સ પર્ફોર્મન્સ એકેડેમીના ત્રણ તરવૈયાઓએ ખેલ મહાકુંભની તરવાની સ્પર્ધામાં સરાહનીય સિદ્ધિ મેળવી છે. જેમાં ૮ વર્ષીય અલ્હાન અનિશભાઈ રાજાવાડાએ ૧૧ વર્ષથી ઓછી વયજૂથમાં ૧૦૦ મીટર મુક્તશૈલીમાં પ્રથમ સ્થાન મેળવ્યું હતું. ૮ વર્ષીય અક્ષાબેન દિલીપભાઈ ચાવડાએ દ્વિતીય અને ૧૦ વર્ષીય વિવાન વિજયભાઈ વાળાએ ૧૪ વર્ષથી ઓછી વયજૂથમાં તૃતીય સ્થાન મેળવ્યું હતું. કોચ ધ્રુવિતસિંહ રાઠોડ અને અજીતભાઈ બારડ દ્વારા ખેલાડીઓને તાલીમ અને માર્ગદર્શન આપવામાં આવે છે. એકેડેમીમાં તરવાની સાથે વિવિધ ભરતી માટેની શારીરિક કસોટીની તૈયારી પણ કરાવવામાં આવે છે.

# કોડીનારમાં ૫૧ ફૂટના રાવણ દહન સાથે વિજયાદશમી મહોત્સવની ભવ્ય ઉજવણી


તસવીર : કુલદીપ પાઠક

કોડીનાર, તા. ૨૧

ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર શહેરમાં વર્ષો જૂની પરંપરા મુજબ વિજયાદશમી મહોત્સવની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. વિજયાદશમી મહોત્સવ સમિતિ ટ્રસ્ટ અને ભવાની યુવક મંડળ દ્વારા આયોજિત મહોત્સવમાં ૫૧ ફૂટ ઊંચા રાવણના પૂતળાનું ભવ્ય આતશબાજી સાથે દહન કરાયું હતું.બપોરે જંગલેશ્વર મંદિરેથી ભગવાન રામચંદ્રજીની સવારી સાથે શોભાયાત્રા નીકળી હતી. જેમાં રામ દરબાર, લવ-કુશ, શબરી મિલન, બાહુબલી હનુમાન, મહાકાળી માતાજી સહિતની ધાર્મિક અને સાંસ્કૃતિક ઝાંખીઓએ લોકોનું ધ્યાન ખેંચ્યું હતું. ડી.જે.ના તાલે ઉત્સવનો માહોલ જામ્યો હતો.શોભાયાત્રા શિંગોડા નદીના પટાંગણમાં પહોંચ્યા બાદ આતશબાજી સાથે રાવણ દહન કરવામાં આવ્યું હતું. મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. વિવિધ સમાજના લોકોએ ઉત્સાહપૂર્વક જોડાઈ સામાજિક એકતા અને ભાઈચારાનો સંદેશ આપ્યો હતો. મહોત્સવ દરમિયાન પોલીસ દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવાયો હતો.

# અમરેલીમાં બી.એન. વિરાણી કન્યા શાળા દ્વારા કૈલાસ મુક્તિધામ ખાતે સ્વચ્છતા અભિયાન



અમરેલી,તા.૨૧

અમરેલી ખાતે અમરેલી જીલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત બી.એન. વિરાણી ઉચ્ચતર માધ્યમિક કન્યા શાળા દ્વારા NSSની નિયમિત પ્રવૃત્તિના ભાગરૂપે શહેરના કૈલાસ મુક્તિધામ ખાતે સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ શાંતાબેન હરીભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ (ગર્લ્સ) ખાતે આવેલી શાળા દ્વારા યોજાયો હતો. જેમાં NSSના સ્વયંસેવકોએ કૈલાસ મુક્તિધામ પરિસરમાં સફાઈ કામગીરી કરીને સમાજમાં સ્વચ્છતાનો પ્રેરણાદાયી સંદેશ આપ્યો હતો.

# વેરાવળના લુંભા ગામે વિકાસકાર્યોનું લોકાર્પણ અને ૨૦૦ વૃક્ષોનું વાવેતર



ઉના, તા.૨૧

વેરાવળ તાલુકાના લુંભા ગામ ખાતે રાજ્યસભાના સાંસદ માનસિંહભાઈ પરમારના હસ્તે નવનિર્મિત પ્રાથમિક શાળા અને ગ્રામ પંચાયતના બે પ્રવેશદ્વારોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જાહેર જીવનમાં સેવાના ૨૫ વર્ષ પૂર્ણ થવાના અવસરે પર્યાવરણ સંવર્ધનના હેતુથી ગામમાં ૨૦૦ વૃક્ષોનું વાવેતર પણ કરાયું હતું. આ પ્રસંગે સાંસદ રાજેશભાઈ ચુડાસમા, જિલ્લા ભાજપ પ્રમુખ સંજયભાઈ પરમાર, પદાધિકારીઓ અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# વેરાવળમાં રાજયસભાના સાંસદ કાર્યાલયેથી જનસુવિધા કાર્યક્રમ યોજાયો



તસવીર : કૈલાશ ભટ્ટ

ઉના, તા.૨૧

વેરાવળ ખાતે રાજ્યસભાના સાંસદ માનશિહભાઈ પરમારના જનસંપર્ક કાર્યાલયે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સુશાસનના ૨૫ વર્ષની ઉજવણી નિમિત્તે જનસુવિધા કાર્યક્રમ યોજાયો હતો. જેમાં અન્નપૂર્ણા યોજના, રાશનકાર્ડ સુધારા, સિનિયર સિટીઝન કાર્ડ, આયુષ્માન કાર્ડ, વહાલી દીકરી યોજના, વિધવા પેન્શન અને ઈ-શ્રમ કાર્ડ સહિતની સેવાઓનો લાભ ૪૪૮ લાભાર્થીઓને આપવામાં આવ્યો હતો. કાર્યક્રમથી લોકોને સરકારી કચેરીઓના ધક્કામાંથી મુક્તિ મળી હતી.


**CHANGE OF NAME**

I Undersign ROKAD BHARATBHAI DEVRAJBHAI have changed my name from ROKAD BHARATKUMAR DEVRAJBHAITo ROKAD BHARATBHAI DEVRAJBHAI Now i will be known as ROKAD BHARATBHAI DEVRAJBHAI
Sign : ROKAD BHARATBHAI DEVRAJBHAI
Address: PLOT NO-70,ROKAD NAGAR, DHARI ROAD, AT-AMRELI, DIST- AMRELI-365601

**CHANGE OF NAME**

I Undersign ROKAD PRABHABEN BHARATBHAI have changed my name from ROKAD PRABHABEN BHARATKUMAR To ROKAD PRABHABEN BHARATBHAI Now i will be known as ROKAD PRABHABEN BHARATBHAI
Sign : ROKAD PRABHABEN BHARATBHAI
Address: PLOT NO-70,ROKAD NAGAR, DHARI ROAD, SADHANA VILLAGE, AT-AMRELI,DIST-AMRELI-365601

**CHANGE OF NAME**

I Undersign ROKAD ASHOKBHAI DEVRAJBHAI have changed my name from ROKAD ASHOKKUMAR DEVRAJBHAI To ROKAD ASHOKBHAI DEVRAJBHAI Now i will be known as ROKAD ASHOKBHAI DEVRAJBHAI
Sign : ROKAD ASHOKBHAI DEVRAJBHAI
Address: PLOT NO-69,ROKAD NAGAR, ARADHANA VILLAGE DHARI ROAD, AT-AMRELI, DIST-AMRELI-365601

**CHANGE OF NAME**

I Undersign ROKAD MANISHABEN ASHOKBHAI have changed my name from ROKAD MANISHA ASHOKKUMAR To ROKAD MANISHABEN ASHOKBHAI Now i will be known as ROKAD MANISHABEN ASHOKBHAI
Sign : ROKAD MANISHABEN ASHOKBHAI
Address: PLOT NO-69,ROKAD NAGAR, ARADHANA VILLAGE DHARI ROAD, AT-AMRELI,DIST-AMRELI-365601


# કોડીનારની મ્યુનિસિપલ ગર્લ્સ હાઈસ્કૂલમાં મૂર્તિ સ્થાપન અને ગાયત્રી મહાયજ્ઞનું આયોજન

કોડીનાર,તા.૨૧

કોડીનારની નગરપાલિકા સંચાલિત મ્યુનિસિપલ ગર્લ્સ હાઈસ્કૂલ ખાતે વિદ્યાની દેવી માં સરસ્વતીની મૂર્તિનું શાસ્ત્રોક્ત વિધિપૂર્વક સ્થાપન કરાયું હતું. આ પ્રસંગે ૧૧ કુંડીય ગાયત્રી મહાયજ્ઞ યોજાયો હતો, જેમાં શિક્ષકો અને વિદ્યાર્થિનીઓએ ઉત્સાહભેર આહુતિ આપી હતી. કાર્યક્રમ બાદ ઉપસ્થિત સૌ ભાવિકોને પ્રસાદ વિતરણ કરવામાં આવ્યું હતું.


**:: જાહેર નોટીસ ::**

આથી અમો નીચે સહી કરનાર હરેશ.કે. કોટડીયા ( બી.એ.એલ.એલ.બી.એડવોકેટ ) સરનામુ - મામલતદાર કચેરી પાસે, તાલુકા શાળા સામે, મું લાઠી તા. લાઠી જી. અમરેલી ના અમો અસીલની સુચના અને ફરમાઈશ મુજબ નીચેની વિગતે જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે,

આથી સર્વે લાગતા વળગતાઓને જાણ કરવામાં આવે છે કે, ગુજરાત રાજયના અમરેલી જીલ્લાના લાઠી તાલુકાના મોજે ગામ દેરડી જાનબાઈ ના રેવન્યુ સર્વે નં. ૫૩૧ (જુના રેવન્યુ સર્વે નં. ૮૯ પૈકી ૨ ) ની જમીન કે જે જુની શરતની જીરાયત પ્રકારની ખેડવાણ જમીન હે.આરે.ચો.મી. ૨-૨૬-૧૭ તથા જેના ગામ નમુના નં. ૮-અ ના ખાતા નં. ૫૫૧ થી અમો શ્રી ગજેરા પ્રવિણભાઈ મોહનભાઈની સ્વતંત્ર માલીકી અને કબજા ભોગવટાની આવેલ છે.

ઉપરોકત સર્વે નંબરવાળી કુલ જમીન હે.આરે. ચો.મી. ૨-૨૬-૧૭ બરાબર તેના ઉપરોકત માલીક પાસેથી ખરીદ કરવા અમારા અસીલ ઈચ્છા ધરાવતા હોય સદરહું ખેડવાણ જમીન કે આ વેચાણ પરત્વે જો કોઈને કોઈપણ પ્રકારનો વાંધો તકરાર, લાગભાગ, હકક હિત, હિસ્સો, દરદાવો, વારસાઈ હકક કે ભરણપોષણનો હકક કે અન્ય કોઈ હકક હોય કે કોઈ સરકારી અર્ધ સરકારી કે કોઈપણ બેંક અથવા પેઢી, મંડળી કે અન્ય કોઈપણ પ્રકારનુ લેણું, કરજ, બોજો કે જામીનગીરી હોય કે કોઈને આ વેચાણ પરત્વે કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર હોય તો તેઓએ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ-આંઠ (૮) માં લેખીત આધાર પુરાવા સાથે નીચે જણાવ્યા પ્રમાણે સરનામે આધાર પુરાવા સહિત વાંધા રજુ કરવા અથવા તો દસ્તાવેજી પુરાવા સાથે વાંધા રજુ કરવા. મુદત વિત્યે કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક હિસ્સો, દર દાવો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ સમજીને અમારા અસીલ ચુકતે અવેજ ચુકવી, વેચાણ દસ્તાવેજ રજીસ્ટર કરાવી કબ્જો ભોગવટો સંભાળી લેશે સદરહું ખેતીની જમીન ખરીદ કરશે અને પાકો વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. ત્યારબાદ કોઈના વાંધા તકરાર આવશે તો તે અમારા અસીલને ખરીદનાર તરીકે બંધનકર્તા રહેશે નહી, જેની તમામે નોંધ લેવી.

મારા અસીલની સુચના અને ફરમાઈશથી.....

સ્થળ :- લાઠી
તારીખ :-૨૧/૧૦/૨૦૨૬

હરેશ કે. કોટડીયા
(એડવોકેટ)
૯૮૭૫૦ ૬૨૦૮૮
મામલતદાર કચેરી પાસે, તાલુકા શાળા સામે,
મું. લાઠી તા. લાઠી જી. અમરેલી

# ગાંધીનગર સચિવાલયમાં વીવીઆઈપી લિફ્ટના લાયસન્સ રિન્યૂ ન થતાં ખળભળાટ

ગાંધીનગર,તા.૨૧



રાજ્યના સામાન્ય નાગરિકો માટે સુરક્ષાના કડક નિયમો બનાવતી સરકારના પોતાના જ વહીવટી તંત્રમાં ગંભીર બેદરકારી સામે આવી છે. ગાંધીનગર સ્થિત સચિવાલયમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને મુખ્ય સચિવ એમ. કે. દાસ જે લિફ્ટનો ઉપયોગ કરે છે, તેના લાયસન્સ રિન્યૂ કરાયા નથી.

નિયમ મુજબ દર પાંચ વર્ષે લિફ્ટનું લાયસન્સ રિન્યૂ કરાવી ફિટનેસ સર્ટિફિકેટ લેવું પડે છે અને તે અંદર પ્રદર્શિત કરવું પડે છે. પરંતુ સ્વર્ણિમ સંકુલ-૧, ૨ અને બ્લોક નંબર-૧ની વીવીઆઈપી લિફ્ટોમાં લાયસન્સ પૂરા થઈ ગયા હોવાની વિગત છુપાવવા માટે સર્ટિફિકેટ જ હટાવી દેવાયા છે.

રાજ્યમાં અંદાજે ૨૪ હજારથી વધુ લિફ્ટના લાયસન્સ રિન્યૂ થયા નથી. આ મામલે રાજકીય ગરમાવો આવતાં ઊર્જા મંત્રી ઋષિકેશ પટેલે સમગ્ર રાજ્યની લિફ્ટોનું તાત્કાલિક ઈન્સ્પેક્શન કરવાના આદેશ આપી કડક પગલાં લેવાની ખાતરી આપી છે.

# સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે 'એકતા પ્રકાશ પર્વ-૨૦૨૬'નો પ્રારંભ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી હાજરી આપશે

અમદાવાદ,તા.૨૧



કેવડિયા સ્થિત એકતા નગરમાં સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ નિમિત્તે 'એકતા પ્રકાશ પર્વ-૨૦૨૬'નો ભવ્ય પ્રારંભ થયો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ ઉત્સવનું ઉદ્ઘાટન કરી સ્થળ પરની તૈયારીઓની સમીક્ષા કરી હતી.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૩૦ અને ૩૧ ઓક્ટોબરે બે દિવસીય ગુજરાત પ્રવાસે આવશે. તેઓ ઉત્તર ગુજરાતના ડીસા ખાતે બનાસ ડેરીના કાર્યક્રમમાં હાજરી આપ્યા બાદ કેવડિયા પહોંચશે. ૩૧મી ઓક્ટોબરે પીએમ મોદી રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણીમાં સહભાગી થઈ સાંજે યોજાનારી ભવ્ય 'એકતા દિવસ પરેડ'ની અધ્યક્ષતા કરશે.આ વર્ષે પરેડમાં પોલીસ અને અર્ધલશ્કરી દળોના ૧૦,૦૦૦થી વધુ જવાનો, વાયુસેનાનું ફ્લાયપાસ્ટ, ૪,૭૦૦ જેટલા કલાકારોના સાંસ્કૃતિક કાર્યક્રમો અને મોટરસાયકલ સ્ટંટ મુખ્ય આકર્ષણ બનશે. આ કાર્યક્રમમાં આશરે ૩૫,૦૦૦ લોકો ઉપસ્થિત રહેવાની શક્યતા છે.

# કોકરોચ જનતા પાર્ટીના અભિજીત દીપકેએ યુબીટી અધ્યક્ષ ઉદ્ધવ ઠાકરેનો માન્યો આભાર

મુંબઈ, તા.૨૧



કોકરોચ જનતા પાર્ટીના સ્થાપક અભિજીત દીપકે શિવસેના (યુબીટી)ના નેતા ઉદ્ધવ ઠાકરેનો આભાર માન્યો છે. સૌરવ દાસ અને આશુતોષ રંકાની ધરપકડ સામે અવાજ ઉઠાવવા બદલ તેમણે ઠાકરેનો આભાર વ્યક્ત કર્યો હતો. દશેરા રેલીમાં ઠાકરેએ બંને નેતાઓની ધરપકડનો મુદ્દો ઉઠાવી ભાજપ પર નિશાન સાધ્યું હતું. દરમિયાન, દિલ્હી હાઈકોર્ટે બંને નેતાઓને તાત્કાલિક રાહત આપવાનો ઈનકાર કર્યો હતો. જંતર-મંતર પર પરવાનગી વિના વિરોધ પ્રદર્શન અને બોન્ડની શરતોના ભંગ અંગે કોર્ટે સવાલો ઉઠાવ્યા હતા.

# ભોપાલમાં રૂ. ૭.૩૨ કરોડનું ડ્રગ્સ ઝડપાયું, દિલ્હીના યુવકની ધરપકડ

ભોપાલ, તા.૨૧



મધ્યપ્રદેશની રાજધાની ભોપાલમાં ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સ (ડીઆરઆઈ)એ રૂ. ૭.૩૨ કરોડની કિંમતનું ૯.૧૩૯ કિલોગ્રામ મેથામ્ફેટામાઈન જપ્ત કરી દિલ્હીના એક યુવકની ધરપકડ કરી છે. બાતમીના આધારે અધિકારીઓએ દિલ્હીથી બસમાં આવી રહેલા યુવકને ભોપાલના આંતરરાજ્ય બસ ટર્મિનસ પર અટકાવ્યો હતો. તેની બે ટ્રોલી બેગની તપાસ કરતાં સલવાર-સૂટનાં કવરમાં છુપાવેલાં માદક દ્રવ્યનાં ૧૧ પ્લાસ્ટિક પેકેટ મળી આવ્યાં હતાં. તપાસમાં તમામ પેકેટમાં મેથામ્ફેટામાઈન હોવાની પુષ્ટિ થઈ હતી.

ઉલ્લેખનીય છે કે ૧૪ ઓક્ટોબરે ભોપાલમાં રૂ. ૨.૦૮ કરોડનું એમ્ફેટામાઈન ઝડપાયું હતું. તાજેતરમાં તમિલનાડુના નાગપટ્ટિનમ જિલ્લામાં પણ ડીઆરઆઈએ ૧૩૭ કિલોગ્રામ મેથામ્ફેટામાઈન જપ્ત કર્યું હતું, જેની કિંમત રૂ. ૧૦૦ કરોડથી વધુ આંકવામાં આવી હતી. આ કેસમાં ચાર લોકોની ધરપકડ કરવામાં આવી હતી.

# નવજોત કૌર સિધ્ધુની કોંગ્રેસમાં વાપસી અંગેની અટકળો તેજ બની

ચંદીગઢ, તા.૨૧



પંજાબ વિધાનસભાની ચૂંટણી પહેલાં નવજોત સિંહ સિધ્ધુનાં પત્ની નવજોત કૌર સિધ્ધુની કોંગ્રેસમાં વાપસી અંગે અટકળો તેજ બની છે. જોકે, તેમણે સ્પષ્ટતા કરી કે તેમણે ક્યારેય પાર્ટી છોડવાની વાત કરી નથી. આ મુદ્દે પૂર્વ પ્રદેશ પ્રમુખ અમરિંદર સિંહ રાજા વારિંગ અને પૂર્વ પ્રભારી ભૂપેશ બઘેલનાં નિવેદનો ચર્ચામાં રહ્યાં છે. બીજી તરફ, નવજોત સિંહ સિધ્ધુએ જન્મદિવસ જરૂરિયાતમંદ પરિવારો સાથે ઉજવી જનસેવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો. તેમણે પંજાબને નશામુક્ત બનાવવા અને યુવાનોને યોગ્ય દિશા આપવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

# રાહુલ ગાંધી વિયેતનામથી પરત ફરતાં જ સત્તા પરિવર્તન થશે: સંજય રાઉત

મુંબઈ, તા.૨૧



શિવસેના (યુબીટી)ના સાંસદ સંજય રાઉતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સરકાર અંગે નિવેદન આપતાં દાવો કર્યો કે રાહુલ ગાંધી વિયેતનામથી પરત ફરતાં જ સત્તા પરિવર્તન થશે. તેમણે એપ્રિલના અંતિમ સપ્તાહમાં મોદી સત્તા છોડશે તેવી આગાહી પણ કરી હતી. જોકે, આ દાવા પાછળનું કોઈ સ્પષ્ટ કારણ તેમણે આપ્યું નહોતું.

રાઉતે મુંબઈમાં કાયદો અને વ્યવસ્થાની કથળતી સ્થિતિ અંગે પણ ચિંતા વ્યક્ત કરી હતી. અભિનેતા ટાઈગર શ્રોફ પર થયેલા હુમલાનો ઉલ્લેખ કરીને તેમણે શહેરમાં સુરક્ષાની સ્થિતિ અંગે સવાલો ઉઠાવ્યા હતા.

દરમિયાન, રાહુલ ગાંધીની કથિત વિદેશયાત્રાને લઈને ભાજપના નેતાઓએ પણ તેમની ટીકા કરી હતી. ભાજપે તેમની ગેરહાજરી અંગે સવાલો ઉઠાવ્યા હતા. જોકે, રાઉતની સત્તા પરિવર્તન અંગેની આગાહી રાજકીય દાવો છે તેની સ્વતંત્ર પુષ્ટિ થઈ નથી.

# ભારતીય યુવાનો પર ગર્વ છે, તેઓ અરાજકતાવાદીઓના પ્રભાવમાં આવતા નથી : સંસદીય મંત્રી કિરેન રિજિજુ

નવી દિલ્હી, તા.૨૧



કેન્દ્રીય સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી અને મોદી સરકાર વિરુધ્ધના વિરોધ પ્રદર્શનોને લઈને આકરા પ્રહારો કર્યા છે. સોશિયલ મીડિયા પરની પોસ્ટમાં તેમણે કહ્યું કે તેમને એવા ભારતીય યુવાનો પર ગર્વ છે, જેઓ અરાજકતાવાદીઓના પ્રભાવમાં આવતા નથી. તેમણે આરોપ લગાવ્યો કે કેટલાક લોકો લોકશાહી અને બંધારણની વાત કરીને ભારતના હિતોની વિરુધ્ધ કામ કરે છે.

રિજિજુએ પ્રાચીન ભારતીય ઈતિહાસ અને ચીની ફિલસૂફ સન ત્ઝુના વિચારોનો ઉલ્લેખ કરીને રાષ્ટ્રીય એકતા તથા સુરક્ષાનો મુદ્દો ઉઠાવ્યો હતો. તેમણે ગેરકાયદેસર ઘૂસણખોરોને મતદાર યાદીમાં સામેલ કરવા સામે પણ ચિંતા વ્યક્ત કરી હતી. કોંગ્રેસ પર નિશાન સાધતાં તેમણે દેશના ફરીથી વિભાજન અંગે સાવચેતી રાખવાની જરૂરિયાત જણાવી હતી. આ તમામ બાબતો અંગે રિજિજુએ સોશિયલ મીડિયા પર પોતાના રાજકીય વિચારો રજૂ કર્યા હતા.

# એકનાથ શિંદે ફરી મહારાષ્ટ્રના મુખ્યમંત્રી બનશે: મંત્રી ગુલાબરાવ પાટીલનો દાવો

મુંબઈ, તા.૨૧



મહારાષ્ટ્રના રાજકારણમાં મુખ્યમંત્રી પદને લઈને ચર્ચા વચ્ચે શિવસેના (શિંદે જૂથ)ના મંત્રી ગુલાબરાવ પાટીલે દાવો કર્યો છે કે એકનાથ શિંદે ફરી મુખ્યમંત્રી બનશે. જલગાંવમાં દશેરા રેલીને સંબોધતાં તેમણે શિંદેના નેતૃત્વ અને જનકલ્યાણકારી યોજનાઓની પ્રશંસા કરી હતી. પાટીલે જણાવ્યું કે મહિલાઓ માટેની યોજનાઓ, દીકરીઓને મફત શિક્ષણ અને અન્ય લોકહિતનાં પગલાંથી જનતામાં સરકાર પ્રત્યે વિશ્વાસ વધ્યો છે. તેમણે શિંદેના નેતૃત્વમાં પક્ષની તાકાત વધ્યાનો પણ દાવો કર્યો હતો.

# બિહારમાં એસઆઈઆર મુદ્દે ભાજપની વ્યૂહરચના તૈયાર, વિપક્ષના આરોપોનો જવાબ આપશે

પટણા, તા.૨૧

બિહારમાં મતદાર યાદીની ખાસ સઘન સુધારણા પ્રક્રિયા (એસઆઈઆર) અંગે કોંગ્રેસ સહિતના વિપક્ષી પક્ષોના આરોપોનો જવાબ આપવા ભાજપે વ્યાપક યોજના તૈયાર કરી છે. મંગળવારે પટણામાં પ્રદેશ ભાજપ કાર્યાલય ખાતે સંગઠન મહામંત્રી ભીખુભાઈ દલસાનિયા અને પ્રદેશ પ્રમુખ સંજય સરાવગીની હાજરીમાં બેઠક યોજાઈ હતી. તેમાં જિલ્લા પ્રભારીઓ અને રાજ્યસ્તરના હોદ્દેદારોને જવાબદારીઓ સોંપવામાં આવી હતી. આ અભિયાન હેઠળ પદયાત્રા, બૌદ્ધિક સેમિનાર, યુવાનો વચ્ચે ચર્ચા સ્પર્ધા અને મીડિયા વ્યવસ્થાપન સહિતના કાર્યક્રમો યોજાશે. આ કામગીરી માટે ધનંજય શર્મા, ધારાસભ્ય સંજય ગુપ્તા અને ઉપાધ્યક્ષ શીલા કુશવાહાની ટીમ બનાવવામાં આવી છે. પ્રથમ તબક્કાનું અભિયાન ૪ નવેમ્બર સુધી ચાલશે.

# એમબીબીએસ પ્રવેશમાં વરિષ્ઠ નાગરિકો માટે એક ટકા અનામતની માંગ અલ્હાબાદ હાઈકોર્ટે ફગાવી

અલ્હાબાદ, તા.૨૧



અલ્હાબાદ હાઈકોર્ટે નીટ દ્વારા એમબીબીએસ અને અન્ય તબીબી અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે લાયક વરિષ્ઠ નાગરિકોને ૧ ટકા અનામત આપવાની માંગ કરતી અપીલ ફગાવી દીધી છે. ન્યાયમૂર્તિ રાજન રોય અને મનજીવ શુક્લાની ખંડપીઠે જણાવ્યું હતું કે આવી અનામત માટે હાલ કોઈ જોગવાઈ નથી. આ અંગે નીતિગત નિર્ણય લેવાની સત્તા સરકાર અથવા વિધાનસભાની છે. અરજદાર અશોક બહરે અગાઉના આદેશને પડકાર્યો હતો, પરંતુ ખંડપીઠને તેમાં કોઈ ખામી જણાઈ નહોતી. તેથી અપીલ ફગાવી દેવામાં આવી હતી.

# ભગવંત માનને દિલ્હી એરપોર્ટ પર ત્રણ કલાક રોકી રખાયા, રૂ.૫૦ હજારનો દંડ ફટકાર્યાનો આપનો દાવો

ચંડીગઢ, તા.૨૧




પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન ફ્રાન્સ પ્રવાસેથી પરત ફર્યા બાદ દિલ્હી એરપોર્ટ પર ત્રણ કલાક રોકી રખાયા અને તેમને રૂ.૫૦ હજારનો દંડ ફટકારાયો હોવાનો આમ આદમી પાર્ટી (આપ)એ દાવો કર્યો છે. આપના નેતાઓ સૌરભ ભારદ્વાજ અને બલતેજ પન્નુએ આ મુદ્દે કેન્દ્ર સરકાર પર આક્ષેપો કર્યા હતા.

સૌરભ ભારદ્વાજે સોશિયલ મીડિયા પર જણાવ્યું કે માન પંજાબનાં ઉત્પાદનો રજૂ કરવા પેરિસ ગયા હતા. બલતેજ પન્નુએ દાવો કર્યો કે એરપોર્ટ પર સામાનની તપાસનાં બહાનાં હેઠળ માનને રોકવામાં આવ્યા હતા અને બાદમાં દંડ ફટકારાયો હતો. તેમણે આ ઘટનાને પંજાબનું અપમાન ગણાવી કેન્દ્ર સરકારની ટીકા કરી હતી.

આપના નેતાઓએ એવો પણ આક્ષેપ કર્યો કે માનના વિદેશ પ્રવાસમાં કેન્દ્ર સરકાર અવરોધો ઊભા કરી રહી છે. જોકે, એરપોર્ટ પર રોકવા અને દંડ ફટકારવા અંગેના આ દાવાઓની સ્વતંત્ર પુષ્ટિ ઉપલબ્ધ નથી. કેન્દ્ર સરકાર અથવા સંબંધિત અધિકારીઓનો પક્ષ આ અહેવાલમાં સામેલ નથી.

# ટાઈગર શ્રોફ પર ફાયરિંગ બાદ બોલિવૂડ સ્ટાર્સની સુરક્ષા વધારાઈ, અક્ષય કુમાર પણ એલર્ટ પર

મુંબઈ, તા.૨૧



અભિનેતા ટાઈગર શ્રોફ પર થયેલા ફાયરિંગ બાદ મુંબઈ પોલીસ સતર્ક બની છે. જુહુ અને બાંદ્રામાં બોલિવૂડ કલાકારોનાં ઘરોની સુરક્ષા વધારવામાં આવી છે. અક્ષય કુમાર સહિત અન્ય કલાકારો પણ વધારાની સાવચેતી રાખી રહ્યા છે.

પોલીસ તપાસ મુજબ, કથિત ગેંગસ્ટર અનિલ પંડિતે આશરે અઢી મહિના પહેલાં હુમલાનું કાવતરું ઘડ્યું હતું. આરોપ છે કે તેણે ૧૮ વર્ષીય રેહાન અંસારીને રૂ. ૩૭ હજાર મોકલ્યા હતા અને ત્રણ યુવકોને આ કાવતરામાં સામેલ કર્યા હતા. પોલીસના જણાવ્યા અનુસાર, ૭ ઓક્ટોબરે ત્રણેય યુવકો મુંબઈ આવ્યા હતા અને ટાઈગર શ્રોફની ગતિવિધિઓ પર નજર રાખવા લાગ્યા હતા.

૧૮ ઓક્ટોબરે જુહુના પુષ્પા નરસી પાર્ક નજીક ફાયરિંગ થયું હતું. આ ઘટનામાં કારને નુકસાન થયું હતું અને બે વ્યક્તિઓ ઘાયલ થયાની માહિતી છે.

પોલીસ હથિયારો, આરોપીઓના સંપર્કો અને અન્ય કલાકારોને નિશાન બનાવવાની શક્યતાની તપાસ કરી રહી છે.

# રાજ્યમાં વીજ માંગ અને પુરવઠાની સ્થિતિ અંગે ગાંધીનગરમાં મહત્વપૂર્ણ બેઠક યોજાઈ

ગાંધીનગર,તા.૨૧



ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં રાજ્યમાં સતત વધી રહેલી વીજ માંગ અને પુરવઠાની પરિસ્થિતિની સમીક્ષા કરવા મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ઊર્જા મંત્રી ઋષિકેશભાઈ પટેલ, મંત્રી કૌશિકભાઈ વેકરીયા તેમજ સંબંધિત ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.બેઠકમાં રાજ્યના ખેડૂતો, ઉદ્યોગો અને સામાન્ય નાગરિકોને અવિરત વીજ પુરવઠો મળી રહે તે માટે સરકાર દ્વારા લેવામાં આવેલા પગલાં અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. તાજેતરમાં નોંધાયેલી વીજ માંગને પહોંચી વળવા તેમજ ભવિષ્યમાં વીજળીની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને આયોજન કરવા અંગે પણ વિચારણા કરવામાં આવી હતી. ખેડૂતો અને ઉદ્યોગોને પૂરતા પ્રમાણમાં વીજળી મળી રહે તે માટે વધારાના વીજ લોડની જરૂરિયાત અંગે ચર્ચા કરી કેન્દ્ર સરકાર સમક્ષ માંગણી પણ કરવામાં આવી છે. રાજ્યમાં વીજ પુરવઠાની વ્યવસ્થા વધુ સુદ્રઢ બને તે માટે જરૂરી પગલાં લેવા અંગે બેઠકમાં ચર્ચા થઈ હતી.

# સૌરાષ્ટ્રમાં વરસાદની અછતથી દ્વારકા જિલ્લામાં માત્ર ૧% અને જામનગરમાં ૮% જ જળસંગ્રહ

જામનગર,તા.૨૧



સૌરાષ્ટ્રમાં પાણીની ઉપલબ્ધતાને લઈને ચિંતાજનક સ્થિતિ સામે આવી છે. દેવભૂમિ દ્વારકા અને જામનગર જિલ્લાના જળાશયોમાં પાણીનો જથ્થો અત્યંત ઘટી ગયો છે. ઉપલબ્ધ આંકડા મુજબ, દ્વારકામાં માત્ર ૧ ટકા અને જામનગરમાં ૮ ટકા જ જળસંગ્રહ બચ્યો છે, જેથી આગામી દિવસોમાં પીવાના પાણીનું આયોજન તંત્ર માટે મોટો પડકાર બનશે.

તેની સરખામણીએ સુરેન્દ્રનગરમાં ૬૨ ટકા, મોરબીમાં ૭૦ ટકા અને રાજકોટના ૨૭ ડેમોમાં સરેરાશ ૪૦ ટકા પાણીનો જથ્થો ઉપલબ્ધ છે. રાજકોટ શહેર માટે આજી-૧માં ૫૦ ટકા, ન્યારી-૧માં ૪૦ ટકા અને આજી-૨માં ૯૪ ટકા પાણી છે, તેમજ શહેરને 'સૌની યોજના' મારફતે પાણી પૂરું પાડવામાં આવી રહ્યું છે.

દ્વારકા અને જામનગરમાં ઓછો જળસંગ્રહ ગંભીર ચિંતાનો વિષય છે. જોકે, વરસાદી આવક અને યોગ્ય જળવ્યવસ્થાપનના આધારે સમગ્ર સૌરાષ્ટ્રમાં તાત્કાલિક જળસંકટ ટાળવા માટે તંત્ર સક્રિય બન્યું છે.

# તાલાલા નજીક ૨.૯ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો

ગાંધીનગર,તા.૨૧

ગીર સોમનાથ જિલ્લાના તાલાલા નજીક બુધવારે, ૨૧ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ બપોરે ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. રિક્ટર સ્કેલ પર ૨.૯ની તીવ્રતા ધરાવતા આ ભૂકંપનું કેન્દ્રબિંદુ તાલાલાની નજીક નોંધાતાં પંથકમાં હલચલ જોવા મળી હતી. બપોરે ૧૨:૩૩ વાગ્યે ભૂકંપની નોંધ કરવામાં આવી હતી.પ્રાપ્ત વિગતો અનુસાર, ભૂકંપનું કેન્દ્રબિંદુ તાલાલાથી ઉત્તર-ઉત્તરપૂર્વ દિશામાં આશરે ૧૪ કિલોમીટરના અંતરે હતું. ભૂકંપનું ભૌગોલિક સ્થાન ૨૧.૨૦૩ ડિગ્રી ઉત્તર અક્ષાંશ અને ૭૦.૫૧૯ ડિગ્રી પૂર્વ રેખાંશ પર નોંધાયું હતું. ભૂકંપની ઊંડાઈ જમીનથી આશરે પાંચ કિલોમીટર હોવાનું જાણવા મળ્યું છે.તાલાલા અને તેની આસપાસના વિસ્તારોમાં આંચકો અનુભવાયો હોવાની વિગતો સામે આવી છે. ભૂકંપની તીવ્રતા ઓછી હોવા છતાં સ્થાનિકોમાં ધરતીકંપની ઘટનાને લઈને ચર્ચા જાગી હતી. જોકે, આ ઘટનાને લગતા કોઈ જાનમાલના નુકસાન કે અન્ય ગંભીર અસર અંગેની વિગતો ઉપલબ્ધ થઈ નથી.

# અમરેલી જિલ્લા પોલીસ વડાએ ૧૨ પોલીસ અધિકારીઓની બદલી કરી

અમરેલી,તા.૨૧

અમરેલી જિલ્લા પોલીસ અધિક્ષકની કચેરી દ્વારા વહીવટી સરળતા અને જાહેરહિતમાં જિલ્લાના ૧૨ પોલીસ અધિકારીઓની બદલીનો હુકમ કરવામાં આવ્યો છે. હુકમ મુજબ એમ.બી.ઔસુરા લાઠી પો.સ્ટે.થી બાબરા પો.સ્ટે., આર.આર.પરમાર બાબરાથી અમરેલી શહેર પો.સ્ટે. અને એમ.એમ. ઝાલા અમરેલી શહેરથી લાઠી પો. સ્ટે.માં મુકાયા છે. ઓ.કે.જાડેજાની અમરેલી રૂરલથી બગસરા, જ્યારે વી.કે.ગોલવેલકરની બગસરાથી રીડર શાખા, પો.અધિ.ની કચેરીમાં બદલી થઈ છે. આર.વાય.રાવલને રીડર શાખાથી અમરેલી રૂરલ પો. સ્ટે., એમ.ડી.સાલુંકેને લીલીયાથી એન્ટી નાર્કોટિક્સ વિંગમાં મૂકવામાં આવ્યા છે. પી.જે.રામાણી લીલીયા,



એન.જી.સાપરા વંડા અને એન.બી.ભટ્ટ પેરોલ ફર્લો સ્કવોડમાં મુકાયા છે. સાવરકુંડલા રૂરલ અને ટાઉન પો. સ્ટે.ના બે અધિકારીઓની પરસ્પર બદલી કરાઈ છે. ગોલવેલકર પો. ઈન્સ. એલ.આઈ.બી.નો તથા સાલુંકે A.H.T.U.નો વધારાનો ચાર્જ સંભાળશે. બદલીવાળા અધિકારીઓએ તાત્કાલિક હાજર થવા જિલ્લા પોલીસ વડા સંજય ખરાતે આદેશ કર્યો છે.

# ગાંધીનગરના વરસોડામાં ગરબા વિવાદમાં ફાયરિંગ થતા એક વ્યક્તિ ઘાયલ, ૮ સામે ગુનો નોંધાયો

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના વરસોડા ગામમાં ગરબા દરમિયાન સાઉન્ડ સિસ્ટમ વગાડવાના પ્રશ્ને થયેલી તકરારે હિંસક સ્વરૂપ ધારણ કર્યું છે. જૂની અદાવત રાખીને આશરે આઠ શખ્સોએ લોખંડની પાઈપ અને ધારિયાં જેવાં હથિયારો સાથે ધસી આવી ખેડૂત અરવિંદસિંહ ચાવડા પર હુમલો કર્યો હતો. આ હુમલા દરમિયાન ત્રણ રાઉન્ડ ફાયરિંગ કરવામાં આવ્યું હતું, જેમાં એક ગોળી અરવિંદસિંહના જમણા પગમાં વાગતાં તેઓ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. ઘટના બાદ તેમને તાત્કાલિક સારવાર અર્થે અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. માણસા પોલીસે આ મામલે આઠ આરોપીઓ સામે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

## શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ ખેતિવાડી ઉત્પન્ન બજાર સમિતિ – અમરેલી

### જાહેર હરરાજી

શ્રી ખેતિવાડી ઉત્પન્ન બજાર સમિતિ-અમરેલી દ્વારા સાવરકુંડલા રોડ ઉપર આવેલ મુખ્યયાર્ડમાં નીચે જણાવેલ વિગતેની મિલ્કત માસિક ભાડુ ફકત રૂા. ૧૧/– લેખે ૯૯ વર્ષનું ભાડુ રૂા. ૧૩,૦૬૮/- એકીસાથે લઈને આમિલ્કત કાયમી ભાડા પટ્ટાથી જાહેર હરરાજી કરી આપવાની છે. જેમાં ભાગ લેવા ઈચ્છુક વેપારી, પેઢી, સંસ્થા, બેંક કે વ્યકિત નીચે જણાવેલ તારીખે ભાગ લઈ શકશે. અરજીફોર્મ અમરેલી સબ માર્કેટયાર્ડની ઓફિસમાંથી રજાના દિવસો સિવાય ઓફીસ સમય દરમ્યાન રૂા.૨૦૦–૦૦ (નોન રીફન્ડેબલ) ફી રોકડેથી ભરીને મેળવી શકાશે. જાહેર હરરાજીમાં ભાગ લેવા નીચે ટેબલમાં બતાવ્યા પ્રમાણેની ડીપોઝીટની રકમ સંસ્થામાં "શ્રી ખેતિવાડી ઉત્પન્ન બજાર સમિતિ, અમરેલી" ના નામના ડિમાન્ડ ડ્રાફટથી જમા કરાવવાની રહેશે. ડીપોઝીટ વગરના અરજીફોર્મ સ્વિકારવામાં નહી આવે અને તેવા કોઈપણ ઈસમોને હરરાજીમાં ભાગ લેવા દેવામાં આવશે નહી. કોરા અરજીફોર્મ મેળવવાનો તથા ભરેલા અરજીફોર્મ સ્વિકારવાનો સમય તા.૨૨/૧૦/૨૦૨૬ થી તા.૩૦/૧૦/૨૦૨૬ સુધીનો રહેશે. ભરેલા અરજીફોર્મ સંસ્થામાં રૂબરૂ સ્વિકારવામાં આવશે. હરરાજી અંગેની તમામ વિગતો, શરતો, માપ-સાઈઝ, અરજીફોર્મમાં આપવામાં આવેલ છે તેમજ સંસ્થામાંથી ઓફીસ સમય દરમ્યાન જોવા મળી શકશે.

| ક્રમ | મિલ્કતની વિગત | સાઈઝ | અપસેટ કિંમત રૂ. | ડીપોઝીટ રૂ. |
|---|---|---|---|---|
| ૧ | નવા માર્કેટયાર્ડમાં નવી ૪૦ વિઘા જમીનમાં પૂર્વ દિશા બાજુએ ખુલ્લા પ્લોટ | | | |
| | (એ) પ્લોટ નં. ૩૦ બાઉન્ડ્રી વોલના ખુણાવાળો | ૭૫૯.૧૪ ચો. મી. | ૪૪,૪૦,૦૦૦-૦૦ પ્રતિ પ્લોટ | ૫.૦૦ લાખ પ્રતિપ્લોટ |
| | (બી) પ્લોટ નં. ૩૧ ૧૦૦ ફુટ મેઈન રોડ ટચ કોર્નર પ્લોટ | ૭૯૫.૦૦ ચો. મી. | ૫૪,૪૦,૦૦૦-૦૦ પ્રતિપ્લોટ | ૫.૦૦ લાખ પ્રતિપ્લોટ |
| | (સી) પ્લોટ નં. ૩૨ ૧૦૦ ફુટ મેઈન રોડ ટચ કોર્નર પ્લોટ | ૮૮૨.૪૫ ચો. મી. | ૫૯,૪૦,૦૦૦-૦૦ પ્રતિપ્લોટ | ૫.૦૦ લાખ પ્રતિપ્લોટ |
| | (ડી) પ્લોટ નં. ૩૩ બાઉન્ડ્રી વોલના ખુણાવાળો | ૭૬૨.૭૨ ચો. મી. | ૪૪,૪૦,૦૦૦-૦૦ પ્રતિપ્લોટ | ૫.૦૦ લાખ પ્રતિપ્લોટ |

:: હરરાજીનું સ્થળ અને સમય ::
સબ (જુના) માર્કેટયાર્ડની ઓફીસમાં, તા.૩૧/૧૦/૨૦૨૬ને શનિવાર,
સમય : સવારે ૧૧-૦૦ કલાકે

નોંધ : હરરાજી કરવી, મોકુફ રાખવી, સમય–તારીખમાં ફેરફાર કરવા તથા હરરાજીને સંલગ્ન તમામ બાબતોના અધિકાર શ્રી ખેતિવાડી ઉત્પઉત્પન્ન બજાર સમિતિ, અમરેલીને અબાધિત રહેશે.

| | | |
|---|---|---|
| તુષાર એચ. હપાણી<br>સેક્રેટરી<br>ખે.ઉ.બ. સમિતિ-અમરેલી | ચંદુભાઈ બી. પોલરા<br>વાઈસ ચેરમેન<br>ખે.ઉ.બ. સમિતિ-અમરેલી | ભાવિનભાઈ જે. સોજીત્રા<br>ચેરમેન<br>ખે.ઉ.બ. સમિતિ-અમરેલી |

# મોરબીમાં ડમ્પરની ટક્કરે કારનો કચ્ચરઘાણ : બે શ્રમિકોના મોત, ૬ ગંભીર

**અકસ્માતની જાણ થતાં જ સ્થાનિક લોકો અને પોલીસ કાફલો ત્વરિત ઘટનાસ્થળે પહોંચ્યો**

મોરબી,તા.૨૧

મોરબીના પીપળીયા હાઈવે પર લુટાવદર ગામ નજીક રેતી ભરેલા ડમ્પર અને કાર વચ્ચે ત્રિપલ અકસ્માત જેવો ભયાનક અકસ્માત સર્જાયો હતો.

પૂરપાટ ઝડપે આવી રહેલા ડમ્પરે કારને પાછળથી જોરદાર ટક્કર મારતાં કારનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો.



આ ઘટનામાં કારમાં સવાર ૨ શ્રમિકોના ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજ્યાં હતા, જ્યારે અન્ય ૬ શ્રમિકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે.

દુર્ઘટના સમયે કારમાં કુલ ૮ શ્રમિકો મુસાફરી કરી રહ્યા હતા. અકસ્માતની જાણ થતાં જ સ્થાનિક લોકો અને પોલીસ કાફલો ત્વરિત ઘટનાસ્થળે પહોંચી ગયો હતો.

ઈજાગ્રસ્તોને કારમાંથી બહાર કાઢીને પ્રાથમિક સારવાર આપ્યા બાદ વધુ વિશિષ્ટ સારવાર માટે રાજકોટની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

આ ઘટનાને પગલે હાઈવે પર થોડા સમય માટે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો અને મૃતકોના પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. સ્થાનિક પોલીસે ડમ્પર ચાલક સામે ગુનો નોંધી આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે.






# જાફરાબાદના લુણસાપુર કોપર કંપની પાસે ગમખ્વાર અકસ્માત, બાઈકસવાર યુવકનું મોત

જાફરાબાદ,તા.૨૧

જાફરાબાદ તાલુકાના લુણસાપુર કોપર કંપની પાસે મોટરસાઈકલ અને ટ્રક વચ્ચે અકસ્માત સર્જાતાં શિયાળબેટના ૨૨ વર્ષીય યુવકનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું.

આ ઘટનાથી પરિવારમાં શોકની લાગણી ફેલાઈ હતી.પ્રાપ્ત માહિતી અનુસાર, શિયાળબેટના વતની ભરતભાઈ બાબુભાઈ



તસવીર : બાબુ વાઢેળ

શિયાળ મોટરસાઈકલ પર જાફરાબાદથી રાજુલા તરફ જઈ રહ્યા હતા. દરમિયાન લુણસાપુર કોપર કંપની પાસે મોટરસાઈકલ અને ટ્રક વચ્ચે જોરદાર ટક્કર થતાં તેમને ગંભીર ઈજાઓ પહોંચી હતી અને તેમનું ઘટનાસ્થળે જ મોત થયું હતું.

અકસ્માતની જાણ થતાં મૃતદેહને પોસ્ટમોર્ટમની કાર્યવાહી માટે જાફરાબાદની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. યુવાનના અકાળે અવસાનથી પરિવારજનોમાં શોક છવાયો હતો. બનાવને પગલે વિસ્તારમાં અરેરાટી ફેલાઈ હતી.







